
Gyan Amrit
જ્ઞાનામૃત
November 2024 - Issue 11
Price 15/-
Happy new Year
भाईदूज
Happy
Diwali
Festival Of Light



માળીયા હાટીનામાં તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ ભ્રાતા દિલીપભાઈ સિસાદિયાનું શૉલ ઓઢાડી સન્માન કરતાં બ્ર.કુ. હીનાબેન બાજુમાં બ્ર.કુ. જલ્પાબેન તથા પંચાયતના અન્ય સભ્યો.




ઉમરગામમાં 'મેગા રક્તદાન કેમ્પ'માં ઉમરગામ ઇન્ડસ્ટ્રીઝ એસોશીએશન, રોટરી ક્લબ, લાયન્સ ક્લબના હોદ્દેદારો સાથે રક્તદાતા બ્ર.કુ. સુનીતાબેન સાથે બ્ર.કુ. ઉમેશભાઈ.



સુરત રેલ્વે સ્ટેશન ખાતે 'સ્વચ્છતા સપ્તાહ'માં નુક્કડ નાટક દ્વારા સ્વચ્છતા જાગૃતિ સંદેશ કાર્યક્રમમાં બ્ર.કુ. ફાલ્ગુનીબેન સાથે રેલ્વે સ્ટેશન માસ્ટર ભ્રાતા મુકેશસિંહ અને રેલ્વે સ્ટાફ.



વડોદરા અટલાદરામાં નવનિયુક્ત સંસદ સભ્ય ડૉ. હેમાંગ જોષી, કચ્છ કેમિકલ ઈન્ડસ્ટ્રીના માલિક ડૉ. શિવલાલ ગોયેલ, રત્નમ ગ્રુપના માલિક નિલેશભાઈ, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. અરૂણાબેન.




ગોંડલમાં 'ભારતીદીદીના ૮૪મા જન્મોત્સવ' નિમિત્તે નિવૃત્ત શિક્ષકોના સન્માન બાદ સમુહમાં બ્ર.કુ. ભાવનાબેન તથા સેવાનિવૃત્ત શિક્ષકો.



સુરત પરવત સેવાકેન્દ્ર દ્વારા પોલીસ ટ્રેનીંગ સેન્ટરમાં ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. ગીતાબેન સાથે સ્ટાફ.



જેતપુર પોલીસ સ્ટેશનમાં પી.આઈ. ભ્રાતા ઋતુરાજસિંહ જાડેજાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. શાંતનુબેન બાજુમાં બ્ર.કુ. રંજનબેન.




ખેડામાં 'ગાંધી જયંતી' નિમિત્તે આયોજીત સ્વચ્છતા કાર્યક્રમમાં ઈનામ આપતાં પૂર્વ નગરપાલિકા પ્રમુખ ભગિની ધર્મિષ્ટાબેન અને બ્ર.કુ. દક્ષાબેન સાથે BJP યુવા મોરચાના પ્રમુખ કિશોરસિંહ.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૭ | નવેમ્બર - ૨૦૨૪ | અંક : ૧૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- દીપાવલિ પ્રકાશનું પર્વ ................................તંત્રી સ્થાનેથી ...04
- જ્યારે યોગની અનુભૂતિ ગહન હોય .........દાદી પ્રકાશમણિજી ...06
- પરમાત્મા ઉર્જા ................................દાદી હૃદયમોહિનીજી ...07
- હા મેં પરિવર્તન કર્યું છે. ............................દાદી જાનકીજી ...08
- હું અવતરિત છું.................................બ્ર.કુ. જગદીશચંદ્ર ...09
- ત્રણ વાતો એવી છે જેનાથી દરેક સમસ્યા ........બ્ર.કુ. જયંતીદીદી ...11
- એક ફરિશ્તા વતન તરફ ઉડાન - નિર્વેરભાઈજી .....બ્ર.કુ. હેમંત ...12
- નમ્રતા ...............................................બ્ર.કુ. ગીતાબેન ...15
- ભગવાનની વિશાળતા ..........................બ્ર.કુ. વિવેકાનંદ ...16
- એક દિવ્ય ફરિશ્તાનું અવ્યક્ત આરોહણ ......બ્ર.કુ. નિર્વેરભાઈ ...18
- દિવ્યદર્શન - દિવાળી ..............................બ્ર.કુ. નંદિની ...23
- ચાલો બનીએ મૃત્યુંજય ........................બ્ર.કુ. જગદીશભાઈ ...26
- તો સત્ય ક્યાં?......................................બ્ર.કુ. જૂનાગઢ ...28
- સંગમયુગી શહેજાદા - રાજયોગી નિર્વેરભાઈજી ......બ્ર.કુ. પાયલ ...29
- નિ:સ્વાર્થ સેવાધારી ...............................બ્ર.કુ. લીલાબેન ...30
- તનાવમુક્ત જીવન ..................................બ્ર.કુ. કનુભાઈ ...31
- વિશેષ સૂચના.........................................બ્ર.કુ. નંદિની ...32
- સંગમયુગની શબ્દાવલી ..............................................34



**2024ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



તંત્રી કાર્યાલયનું બદલાયેલું સરનામું
કૃતિઓ મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી,
PDPU રોડ, જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 M. 99798 99104



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝેલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવા કેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# દીપાવલિ પ્રકાશનું પર્વ

ભારતીય જનજીવનમાં આવતા તહેવારો અનેકવિધ ભાવનાઓ રૂપી પુષ્પોનો પમરાટ લઈને આપણી સમક્ષ આવે છે. સામાજિક, પૌરાણિક, ઐતિહાસિક, ધાર્મિક, આધ્યાત્મિક અને રાષ્ટ્રીય દ્રષ્ટિકોણથી તહેવારો ઉજવાય છે. દરેક પર્વને પોતાનાં અનોખા રૂપરંગ હોય છે. પણ દિવાળીનું પર્વ આનંદ ઉલ્લાસના અભિષેકથી માનવ હૈયાંઓને નિર્મળ સ્નેહની અનુભૂતિ કરાવે છે.

દીપાવલિનું પર્વ અનેક કથાઓ સાથે જોડાયેલું છે. શ્રીરામ લંકાવિજય પછી અયોધ્યા પધારતાં અયોધ્યાવાસીઓ આનંદ ઉલ્લાસમાં આવી આ પર્વ ઉજવે છે. આ દિવસ મહાવીર સ્વામીના નિર્વાણનો દિવસ છે. શિવશક્તિઓ દ્વારા અસુરોનો સંહાર થતાં ભયમુક્ત બનેલા લોકો આનંદ ઉલ્લાસથી આ પર્વ ઉજવે છે. ખેડૂતો પાકની લણણીથી મુક્ત થતાં આ પર્વ ઉજવે છે. આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો જ્ઞાનના ઘી વડે આત્માનો દીપક પ્રગટે છે તેની આ યાદગાર છે.

આજ સુધી આપણે આ પર્વને ઉજવતા આવ્યા છીએ તેથી તે વિશે આપણે માહિતગાર પણ છીએ. અમાસની અંધારી રાતે જ્યારે તિમિરની કાલિમાં સર્વત્ર પથરાઈ ગઈ હોય છે ત્યારે દીપકનું પ્રગટ થવું એ કેટલું આકર્ષક લાગે છે. દીપકનું પ્રગટવું એટલે વિષાદયુક્ત વદન ઉપર પ્રસન્નતાનું સ્મિત ! ઉરનો આનંદ મુખારવિંદ પર ડોકિયાં કરે છે, પરંતુ પરંપરાગત રીતે દીપકો પ્રગટાવીને અલ્પકાળની આનંદની અનુભૂતિ કરતાં માનવો જ્યારે દીપાવલીનું સાચું રહસ્ય જાણે ત્યારે શાશ્વત આનંદની અનુભૂતિ થાય છે.

સંગમયુગના આધ્યાત્મિક પુરુષાર્થના ફલ સ્વરૂપે મળેલ દેવતાઓના પ્રારબ્ધની સમાપ્તિ અને દ્વાપરયુગનું આગમન એટલે ઉત્થાનથી પતન તરફની પગદંડી ઉપર માનવયાત્રીનું ગમન. વિષય વિકારોની ભૂતાવળ ક્રમશઃ વધતી ગઈ. અનેક ધર્મસ્થાપકો આવ્યા અને વિવિધ ધર્મોની સ્થાપના થઈ. આમ છતાં માનવજીવન તો અધોગતિ તરફ જ પ્રયાણ કરવા લાગ્યું અને કલિયુગના અંતિમ ચરણમાં તો વિષય વિકારોનાં એટલાં તો તાંડવો સર્જાયાં જેથી ભ્રષ્ટાચારની વ્યાપકલીલાએ અનેક-વિધ રૂપો ધારણ કરીને માનવ જાતને પોતાના ભરડામાં લીધી. જનજીવન દુ:ખી અને અશાંત બન્યું. ત્રાહિ ત્રાહિ પોકારતાં માનવોનો કરુણાદ્ર સાદ સુણીને પિતા પરમાત્માએ ગીતાના મહા-વાક્યો અનુસાર એક વૃદ્ધ તનના સાકાર માધ્યમ દ્વારા દિવ્ય અવતરણ કર્યું.

પરમપિતા શિવ પરમાત્માનું આ સૃષ્ટિ ઉપર આવવું અર્થાત્ તિમિરનાં પડળોને ભેદીને તેજ રાશિનું પ્રકાશવું. પરમાત્માએ માનવોને દેહ અને આત્માની ભિન્નતા સમજાવી, આત્માના યથાર્થ પરિચય દ્વારા આત્માની જ્યોતિ જગાવે છે. એટલે દીપાવલિનો તહેવાર એ આત્મારૂપી દીપક પ્રગટાવવાનું યાદગાર પર્વ છે. જ્યારે આત્મિક સ્મૃતિનો દીપક જાગૃત થાય છે. ત્યારે તેને ચૈતન્ય-દીપક કહેવામાં આવે છે. આ ચૈતન્ય દીપકોની યાદગાર જડ દીપકો રૂપે ઉજવાયે છે. આત્માઓની દીપમાલા અવિનાશી, અમરજ્યોતિ સ્વરૂપની છે. ચૈતન્ય દીપકોનું કર્તવ્ય છે અજ્ઞાનરૂપી અંધકારમાં જ્ઞાનની રોશની કરવાનું દિવાળી અમાસના અંધકારમાં આવે છે તે બ્રહ્માની રાત, વિષય વિકારોથી અંધકારમય બનેલી સૃષ્ટિનું સૂચન છે.

દીપાવલીમાં લોકો સુંદર વસ્ત્રાભૂષણોથી સજ્જ બનીને ઘરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ઘરમાંથી કચરો વાળી ઝૂડીને સાફ કરે છે. વાસ્તવમાં દેહ રૂપી ભવનમાંથી વિષય વિકારોના કચરાને સાફ કરવાનો છે અને વસ્ત્રાભૂષણોની સ્થૂળ સજાવટને બદલે આત્માનું ઓજસ પ્રગટાવીને દિવ્યગુણોના આભૂષણોથી સજ્જ થવાનું છે. મિઠાઈ આદિ પદાર્થો ખાવાનું રહસ્ય વાસ્તવમાં મુખની મીઠાશ, મુખદ્વારા મધુર બોલ નીકળવા અને મીઠામાં મીઠા સૌના પ્રિય એવા પરમાત્માનો પરિચય આપવાના કાર્યનું સૂચન કરે છે. આ પર્વમાં લક્ષ્મીનું પણ આવાહન કરવામાં આવે છે. પણ લક્ષ્મીનું આગમન આવા કલુષિત વાતાવરણમાં થઈ શકે? લક્ષ્મીના આવાહન માટેનો પુરુષાર્થ છે પવિત્રતા અને દિવ્યગુણોની ધારણા દ્વારા દેવત્વની પ્રાપ્તિ જ્યારે આત્મા દેવત્વના ગુણોને ધારણ કરે છે ત્યારે તે ભવિષ્યમાં આવનાર સતયુગમાં સુખ, શાંતિ, સમૃદ્ધિથી ભરપૂર અર્થાત્ ધન, ધાન્ય અને વૈભવોથી સંપન્ન એવી સોનેરી દુનિયાને પ્રાપ્ત કરે છે. આ દુનિયામાં શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનું રાજ્ય હોય છે. ત્યારે આપણે શ્રી લક્ષ્મીને નજરે નિહાળી શકીશું. અહીં તો માત્ર ભાવનાઓથી તેમનું આવાહન કરીએ છીએ.

દિવાળીના દિવસે વેપારીઓ પોતાના ચોપડાઓનાં ખાતા જુએ છે. જૂનાં ખાતા ચુક્તે કરી નવાં ખાતાંની શરૂઆત કરે છે. પરમપિતા પરમાત્મા કહે છે કે આત્માઓએ પોતાનાં કર્મોનાં હિસાબ કિતાબનાં ખાતાં ક્યાં સુધી સમાપ્ત કર્યાં છે તે જોવાનું છે. પરમાત્મા આપણી પાસે વ્યર્થ સંકલ્પોનાં, વિકર્મોનાં ખાતા બંધ કરાવી દિવ્યતાનાં જમા ખાતાંની અપેક્ષા રાખે છે. આ પર્વ બહિર્મુખતાના વાયુમંડલને સમાપ્ત કરવાનું છે.

દીપાવલી એટલે પ્રકાશનું પર્વ. દીપાવલીના ગરબાઓમાં એક મોટો દીપક પ્રગટાવવામાં આવે છે. તેની જ્યોતથી બીજા દીપકો પ્રગટાવવામાં આવે છે. મોટો દીપક તે જ્યોતિબિંદુ સ્વરૂપ પરમાત્માની યાદગાર, બાકીના દીપકો આત્માઓની યાદગાર છે. જેમની જ્યોતિ પરમાત્મા જગાડે છે. આપણે જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્માનાં સંતાનો છીએ. જ્ઞાનસૂર્યનાં સંતાનો છીએ. જેમ સૂર્ય સ્વયં શક્તિશાળી હોવાને લીધે ચારે બાજુ પોતાની શક્તિથી પ્રકાશ ફેલાવે છે તે રીતે જ્ઞાનસૂર્ય બનીને પ્રકાશનાં કિરણો સમગ્ર સૃષ્ટિ ઉપર પાથરવાનાં છે. શુભભાવના શ્રેષ્ઠ બનવાની કામનાઓનાં કિરણો ચારે બાજુ આત્માઓ પર વિશ્વ-કલ્યાણકારી બનીને ફેલાવવાનાં છે. દિવાળીના દિવસે એકબીજા સાથે લડાઈ ઝઘડાને કારણે મનમેળ ન હોય, તો પણ લોકો મળે છે, પણ હૃદય પરિવર્તન થતું નથી. આપણે કરુણાનાં શીતળ છાંટણાથી વિરોધી આત્માઓને શીતળ બનાવી તેમનું હૃદય પરિવર્તન કરવાનું છે. આપણી સંપૂર્ણ સ્થિતિનું આવાહન કરીને દિવાળી ઉજવવાની છે.

આત્મારૂપી દીપક સતત પ્રકાશમાન રહે તે માટે પ્રવૃત્તિમાં રહેવા છતાં સદા દેહ, દેહના સંબંધથી નિવૃત્ત થઈ શ્રેષ્ઠ સ્થિતિની અનુભૂતિ કરવાની છે. લક્ષ્મીની સાથે ગણેશનું પૂજન થાય છે. ત્રણે કાળના જ્ઞાન સ્વરૂપ બનીને સંગમયુગમાં પોતાનો આત્મિક દીપક પ્રકાશિત રાખવાનો છે. વાયુમંડલ, વાયબ્રેશન અને કુસંગના વિઘ્નથી મુક્ત બનતાં આતમદીપને માયાનાં વિઘ્નો નડશે નહીં. ગમે તેવાં તોફાનો આવે છતાં સદા એકરસ અખંડ જ્યોતિસમાન દીપક જલતો રહે, તો દીપાવલીના પર્વની ઉજવણી સાર્થક થશે.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

# જ્યારે યોગની અનુભૂતિ ગહન હોય ત્યારે શક્તિઓ મળે

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આપણે જોયું છે કે જેને આ યાદનો, યોગનો અનુભવ છે તો સહજ જ દુનિયાની સર્વ વાતોથી એમની બુદ્ધિ હટી જાય છે. આ પ્રેક્ટીસ કરનારાઓની દૃષ્ટિમાં શક્તિ રહે છે. કારણકે વૃત્તિમાં એક બાબા જ રહે છે. સ્વયંને બાબાની સાથે કમ્બાઈન્ડ જુએ છે. જ્યાં સુધી યોગની અનુભૂતિ ગહન નહીં બનાવીશું ત્યાં સુધી શક્તિઓ મળશે નહીં. જે પણ પાવર્સ છે તે આ સાધનાથી મળે છે. આ સાધનાથી માયા પર વિજયી બની શકીએ છીએ. જ્ઞાન આપણું ભણતર છે. જે ભણતરને બુદ્ધિએ ધારણ કરવાનું છે. અને જેટલી જ્ઞાનની ગહન પોઈન્ટ બુદ્ધિમાં ધારણ કરીશું એટલી જ બુદ્ધિ ફરીથી દિલમાં બાબાની શુક્રિયાનાં ગીત ગાશે. અને જેટલી યાદની યાત્રા કરીશું તેટલા પોતાને વરદાનોથી ભરપૂર કરીશું. કારણ કે આ યાદ જ આપણને વરદાતા બાપ દ્વારા વરદાન અપાવે છે, એનાથી સમીપ આવી જાય છે. પછી દિલમાંથી ગીત નીકળે છે બાબા આપને મેળવીને મેં તો દુનિયા મેળવી લીધી છે. આવી લગનવાલા જ સાચ્ચા આશિક બનીને માશુકની યાદમાં રહે છે.

દરેક કલાકે પાંચ મિનિટ માટે પણ સાયલેન્સની અનુભૂતિ કરીએ તો અનેક બાબતો પર વિજય મેળવવાની શક્તિ આવશે. તો બાબા કહે છે, માયા પર વિજય મેળવો. આ વિજય ત્યારે જ થશે જ્યારે જ્ઞાન સહિત યોગમાં રહેશો. પછી માયા આવશે નહીં. બુદ્ધિ અહીં તહીં જશે નહીં. મુરલી જ્ઞાનમાં પાક્કા બનાવે છે. પણ અમૃતવેળાનો યોગ અશરીરી બનવામાં ઘણું મોટું બળ આપે છે. એટલે યોગમાં ખરેખર આ અનુભવ થાય કે જાણે આપણે દેહમાંથી ઉડીને પોતાના અવ્યક્ત વતનમાં બાબાની પાસે પહોંચી ગયા છીએ.

નિરાકારી દુનિયા તો પરમધામ છે. પરંતુ અવ્યક્ત વતન સૂક્ષ્મ વતન એ આપણા સંગમની વિશેષતા છે. એનો આપણ દરેકને અનુભવ હોવો જોઈએ. જ્યાંથી બાબા આપણને મળવા આવે છે. તો એના માટે બુદ્ધિ જેટલી જેટલી શુદ્ધ બનશે, બહારની વાતોથી અંતર્મુખ બનશે, એટલું જ બાબાનું આકર્ષણ રહેશે. ખરેખર આપણને ભગવાનનું આકર્ષણ થઈ રહ્યું છે. આ અનુભવ હોવો જોઈએ. જેમ કે બાબા કેટલીય વાર કહે છે કે બાંધેલીઓને બાબાને મળવાનું આકર્ષણ થાય છે. ક્યારે રજા મળે અને અમે બાબાને મળીએ. કહેવાય છે કે દુઃખમાં સ્મરણ સહુ કોઈ કરે. તે રીતે બાંધેલીઓ પર બંધન છે તો તે બાબાને વધારે યાદ કરે છે. આપ મુક્ત છો તો મસ્ત રહો છો. પણ લગન એક અલગ ચીજ છે. આ એવી લગન હોય છે જે રાતની ઊંઘ પણ ઉડી જજાય છે. મન કહે છે બાબાની પાસે જઈને રુહરિહાન કરીએ. કઈ રીતે બાબા લાઈટના વતનમાં આપણને લાઈટરૂપમાં લઈ જાય છે. સ્વયં જ લાઈટ રૂપ બની જાઓ તો બાબા લાઈટરૂપ બની આપ લોકો સાથે મિલન મનાવશે. આ છે રુહાનિયતની યાત્રા. આ સર્વને આ રુહાની યાત્રાની રુચિ રાખીને બાબા સાથે મિલન મનાવો છો.

સદા બાબાની છત્રછાયાની નીચે રહો. તો રક્ષક બાબા સદા રક્ષા કરતા રહેશે. બાબાની

(અનુસંધાન પેજ નં. 07 પર)

# પરમાત્મા ઉર્જા

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



જેટલી લાઈટની ટકાવારી વધારે હશે એટલી જ સર્વ વાતો સ્પષ્ટ રીતે જોઈ શકીશું. જો લાઈટની ટકાવારી ઓછી છે તો સ્વયં પણ પુરુષાર્થમાં સ્પષ્ટ હશે નહીં. અને જેને માર્ગ બતાવીએ છીએ તે પણ સહજ અને સ્પષ્ટ પોતાના માર્ગ ઉપર જઈને પોતાની મંઝિલને સ્પષ્ટ રીતે જાણી નહીં શકે. જેની લાઈટ પાવરફુલ હશે તે સ્વયં મૂંઝવણમાં મૂકાશે નહીં અને બીજાને પણ મૂંઝવણમાં મૂકશે નહીં. તો પોતાના પુરુષાર્થ અને પોતાની શક્તિથી જોઈ શકો છો કે જેમની સેવા કરો છો તેમનો માર્ગ સ્પષ્ટ થઈ જાય છે. જો માર્ગ સ્પષ્ટ હોતો નથી અર્થાત્ પોતાની લાઈટની ટકાવારીમાં ખામી હશે. જે સ્વયં ડગલેને પગલે ઠોકર ખાય છે. તો તેમની રચના પણ એવી જ હશે. આપ એક માસ્ટર રચયિતા છો તો માસ્ટર રચયિતા પોતાની રચનાથી પણ પોતાના પાવરને ઓળખી શકો છો. જેવું બીજ હોય છે તેવું જ ફળ નીકળે છે. જો બીજ પાવરફુલ નહીં હોય તો ક્યાંક ક્યાંક ફૂલ નીકળશે, આમ છતાં તે સ્વીકારવા જેવાં નહીં હોય. જે બહુ સુંદર અને ખુશ્બુદાર હશે એને જ લોકો ખરીદશે. એટલે પોતાની લાઈટની ટકાવારી વધારો. દિનપ્રતિદિન સૌનાં મસ્તક અને નયન એવી સર્વીસ કરે જે આધ્યાત્મિક પ્રદર્શની કરે છે. કોઈ પણ સામે આવશે તો તે ચિત્ર આપના નયનોમાં જોશે. નયન જોતાં જ બુદ્ધિયોગ દ્વારા અનેક સાક્ષાત્કાર થશે. આવા સાક્ષાત્કારમૂર્ત સ્વયંને બનાવવાના છે. પણ સાક્ષાત્કારમૂર્ત એજ બની શકશે જે સદા સાક્ષીની સ્થિતિમાં હશે. એનાં નયન શિવબાબાની યાદ અપાવશે. એમનું મસ્તક સદા ચમકતું દેખાશે.

એક એક મસ્તકમાં ચમકતી લાઈટ જોવા મળે. વિનાશના સમયે પણ આ લાઈટ રૂપ તમને ઘણું મદદગાર બનશે. તે વખતે કોઈ કઈ વૃત્તિવાળા આપની સામે આવશે. તે દેહને ના જોતાં આપનાં ચમકતાં નયનો અને લલાટને જોશે. જ્યારે બહુ તેજ લાઈટ હોય છે તો બધી ચીજો છુપાઈ જાય છે. જેટલી જેટલી આપની તેજ લાઈટ હશે. તો એમને આપનો દેહ જોવા છતાં દેખાશે નહીં. જ્યારે દેહને જોશે જ નહીં તો તમોગુણી વૃત્તિ અને દૃષ્ટિ એની મેળે જ સમાપ્ત થઈ જશે. આવી પરીક્ષાઓ આવવાની છે. સર્વ પ્રકારની પરિસ્થિતિઓને પાર કરવાની છે.~

॥ **ઓમશાંતિ** ॥

---

**(પેજ નં. 08નું અનુસંધાન)... હા મેં પરિવર્તન**

ચાલનાર પોતાના શિક્ષકનું નામ પ્રસિદ્ધ કરે છે. સૌના મુખમાંથી નીકળે છે કે આ તો બહુ એક્યુરેટ છે. તો બાબા આપણ સૌને પોતાના સમાન મહિમા યોગ્ય બનાવવા ઈચ્છે છે. ॥**ઓમશાંતિ** ॥

---

**(પેજ નં. 06નું અનુસંધાન)... જ્યારે યોગની**

મુરલીમાં મારા મીઠા મીઠા નૂરે રત્નો આ કોણ બોલ્યું? તો આપણે બાબાના નયનોનાં નૂર છીએ. આનાથી મોટું ભાગ્ય કયું હોઈ શકે? સર્વીસ કરો તેમાં આંધી અને તોફાન આવે છે. આ સૌ બનશે પણ સ્થિતિ સ્થિર જોઈએ. ॥**ઓમશાંતિ** ॥

## આપણે કંઈક એવું કરીએ જેથી બાબા આપણને સર્ટિફિકેટ આપે કે

# હા મેં પરિવર્તન કર્યું છે.

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આપણે એક બાબાનાં સંતાન ઈશ્વરીય ફેમીલી છીએ. પોતાને આત્મા સમજવા, દેહભાનથી પરે રહેવાનું છે, આ છે શિક્ષણ. એ પણ વંડરફુલ વાત છે કે આપણે સૌ એકનાં બાળકો છીએ. લૌકિકમાં કહે છે કે એક જ બ્લડ છે. પછી ભાઈ-બહેનનો આપસમાં પ્રેમ ના હોય તો શું કહીશું? રુહાની બાળકો છો. બચ્ચે બચ્ચે કહીને બાબાએ આપણને બ્રાહ્મણ બનાવી દીધા. તો સંસ્કારોમાં નશો છે.

એ જોવામાં આવે છે કે નુમાશામના સમયે કોઈપણ આત્માને ઊંઘ આવતી નથી. તો આપણો આ નિયમ પાક્કો હોય. અહીં તહીં ફરવાને બદલે, સંગઠનમાં આવીને યોગમાં બેસી જઈએ. સંગઠનમાં કરેલા યોગનું સુખ બહુ હોય છે. એમાં અલબેલા ન બનીએ. આ નિયમમાં જે ફાયદો છે, તે બહુ મદદ કરે છે. અમૃતવેળાએ પણ ઘડિયાળ સૂવા દેતી નથી. દિવસમાં કાર્ય કરતા રહીને ડીટેચ થઈશું તો થાક લાગશે નહીં. તેઓ થાકે છે જેનામાં નમ્રતા, ધૈર્યતાનો અભાવ છે. જે નમ્રચિત્ત છે તેના અનેક સહયોગી બની જાય છે. જે ધૈર્યતા અને પ્રેમથી કામ કરે છે, એમને કોઈપણ કાર્ય મોટું લાગતું નથી. એમનો યોગ પણ સારો હોય છે. જો મારામાં નમ્રતા છે, સચ્ચાઈ છે તો વાતાવરણ સારું બની જાય છે. જે થાકમાં કામ કરે છે અને યોગમાં પણ થાક લાગે છે. સચ્ચાઈ, સ્નેહ અને સહયોગથી કામ સહજ થઈ જાય છે.

જે દિલથી કામ કરતા નથી તે સારું કામ પણ બગાડી દે છે. આપણા એક હાથમાં મુરલી હોય બીજા હાથમાં સ્વયંનો ગોળો. આપણે દુનિયાને સ્વર્ગ બનાવી રહ્યા છીએ.

આપણા ચહેરા - ચલનને જોઈને કહે કે આ તો સ્વર્ગમાં રહે છે. આપણી રોયલ પર્સનાલિટીને જોઈને બીજા પણ પાછળ પાછળ આવવા લાગશે. આપણે આપણા બેગ બેગેજ પહેલેથી જ રવાના કરી દઈએ છીએ. ત્યાં પહોંચીશું એટલે મળી જશે. જે સંગમમાં કરી રહ્યા છીએ તે ભવિષ્ય માટે કરી રહ્યા છીએ. એનો બદલો છે સદા સંતુષ્ટ.

કોઈને બહાનાં બતાવવાની ખોટી આદત હોય છે. યાદ અને સેવામાં બહાનાં બતાવનારને અધીનતા જરૂર હશે. એને પ્રકૃતિ પણ સાથ નહીં આપે. કોઈને કોઈ કર્મબંધન નીકળી આવશે. જે ઊંચો પુરુષાર્થ કરવા દેશે નહીં. કારણ કે બહાનાં બતાવવાને કારણે ભાગ્યને વંચિત કરી દીધું. એમાં પણ સૂક્ષ્મ છે ઈર્ષ્યા. ભલે કોઈ ભાષણ કરે પણ પરિવારમાં મીઠી જબાન ન હોય તો એમને કોણ પસંદ કરશે? કેટલાક લોકો વાસણો માંજે છે છતાં સર્વ સાથે સ્નેહભર્યો સંબંધ રાખે છે. તો પ્રોબ્લેમ કોનો વધારે બનશે? જે કમ્પલેઈન કરે છે તેનું ભાગ્ય શું બનશે?

આપણે સર્વ મહેમાન છીએ પણ બીજાઓની મહેમાનગીરી કરવી તે પણ અક્કલનું કામ છે. જેનામાં મારા પણાનો ભાવ છે તે મહેમાન નથી. એમાં ટ્રસ્ટીપણું નહીં હોય. તો નુમાશામે એવી સ્થિતિ બનાવીને રાખો. ટીચરની આજ્ઞા પ્રમાણે

(અનુસંધાન પેજ નં. 07 પર)

# 'હું અવતરિત છું' આ સ્મૃતિમાં રહીને દરેક કર્મ કરો

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



જે મહાન આત્માઓ હોય છે તેમનાં મન, વચન, કર્મ સમાન હોય છે. જેવું તેઓ બોલે છે, જેઓ જેવું માને છે તેવું જ તેમના આચરણમાં આવે છે. તો આ મહાનતાની એક નિશાની છે. આપણે લોકો પણ મહાન બનવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, પુરુષાર્થ કરી રહ્યા છીએ. આપણા જીવનમાં પણ એવું જ હોવું જોઈએ. તો પહેલાં પહેલાં આપ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં પ્રવેશ કરો છો તો આપની પાસે એક ફોર્મ ભરાવવામાં આવે છે. તેમાં આપને આપના જીવનના લક્ષ્ય વિશે પૂછવામાં આવે છે. આ આધ્યાત્મિક શિક્ષણના હેતુ વિશે પૂછવામાં આવે છે. એમાં કહીએ છીએ કે આપણે દેવી-દેવતા સમાન બનવાનું છે. એની પરિભાષા બતાવતાં આપણે એમ કહીએ છીએ કે સર્વગુણ સંપન્ન, નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ, ડબલ અહિંસક બનવાનું છે.

તો સર્વ ગુણ સંપન્ન એક તો ગુણોની વિશેષ વાત બની ગઈ. જેવાં મનુષ્યના ગુણો હોય છે તેવાં જ કર્મો થાય છે. પરંતુ અહીં એવું નથી. કારણ કે આપણે ગુણ ધારણ કરવાનો પુરુષાર્થ કરી રહ્યા છીએ. ક્યારેક આપણા જે જૂના સંસ્કારો છે, તે આપણા ગુણોને ઢાંકી દે છે. અને જૂના સંસ્કારો એવાં કર્મ કરાવે છે જે મન બુદ્ધિ કહે છે, કે આ કર્મ સારું નથી. એ ન કરવું જોઈએ આમ છતાં ભૂલ કરી બેસીએ છીએ.

તો આ ગુણ, કર્મ સ્વભાવ ગુણ અને કર્મ એવાં સ્વાભાવિક બની જાય. ગુણોને આપણે આપણા સ્વભાવમાં લાવવાની કોશિશ કરીએ છીએ. પૂરી રીતે આપણો નેચરલ સ્વભાવ બની રહ્યો નથી. ક્યારે કોઈ વ્યક્તિ એવી વાત કરી દે છે જેનાતી ઉત્તેજના આવી જાય છે. ઉત્સાહ રહેતો નથી. તો બુદ્ધિ કહે છે શાંત અને શીતળ બનો. સહનશીલતાનો ગુણ ધારણ કરતો નથી. પરંતુ બાબાની આજ્ઞાનું પાલન કરવા મજબૂરીથી તે ધારણ કરીએ છીએ. હવે આપણો સ્વભાવ એવો બની જાય જેથી આપણામાં જે ગુણ છે તે નેચરલ બની જાય. અને એ અનુસાર આપણાં કર્મ થાય. બાબા કહે છે કે જે પણ કર્મ કરો ત્યારે એવું સમજો કે આપના આત્માએ બ્રહ્મલોકમાંથી આવીને આપના શરીરમાં પ્રવેશ કર્યો છે. શાંત સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ આત્મા છું એ સ્મૃતિમાં રહો. યાદ રાખો કે આપણો નવો જન્મ થયો છે. નવી દુનિયા (સ્વર્ગ) માટે આપણે પુરુષાર્થ કરી રહ્યા છીએ. નવું જ્ઞાન સાંભળી રહ્યા છીએ. નવો પરિવાર (દૈવી પરિવાર) મળ્યો છે, તો નવીનતા આવશે. આપણાં ગુણ, કર્મ અને સ્વભાવ નવાં બનશે. લૌકિકમાંથી અલૌકિક બનીશું. આસુરીમાંથી દિવ્ય બનીશું. અને જે અપવિત્ર છે તે પવિત્ર બનશે. શરીરની સાથે રહેતાં રહેતાં આપણાં એવા સંબંધો બની ગયા છે જે ભૂલવા મુશ્કેલ છે. એના સાથે પાક્કી દોસ્તી થઈ ગઈ છે. રાતે સ્વપ્ન પણ જોઈશું તો પોતાનાનાં સ્વપ્ન થોડાં જુએ છે. દેહધારીઓનાં સ્વપ્ન જુએ છે. તો દેહ સાથે એટલો લગાવ, ઝુકાવ થઈ ગયો છે એટલી એટેચમેન્ટ થઈ ગઈ છે કે તે ભૂલતું જ નથી.

એ આપને ખબર છે કે જ્યારે બ્રહ્માબાબા અવ્યક્ત થયા તો રાતના તેઓ જ્યારે ક્લાસમાં

મળવા ગયા તો બાબાએ ક્યાં મહાવાક્યોનું ઉચ્ચારણ કર્યું હતું. બાબાએ કહ્યું હતું, નિરાકારી, નિર્વિકારી અને નિરંહકારી બનો. તો નિરાકારી કઈ રીતે બનીશું? જ્યારે એવું વિચારશો કે આપણે બ્રહ્મલોકથી પધાર્યા છીએ. બ્રહ્માબાબાની શરૂઆતની આદિ, અંત અને મધ્ય ત્રણે કાળોની એજ આજ્ઞા રહી કે પોતાને આત્મા સમજો. એ સમજો કે હું આત્મા પરમધામથી આવ્યો છું. આ કર્મક્ષેત્ર પર કર્મ કરવા. દેહથી ન્યારા થવાની ડ્રીલ કરશો તો ડ્રીલ કઈ રીતે કરશો. આત્માની સ્મૃતિ કેવી રહેશે? જ્યારે પહેલાં પહેલાં એ વિચારશો કે આપણા બાબા બ્રહ્મલોકથી પધાર્યા છે. આપણે પણ બ્રહ્મલોકથી આવ્યા છીએ.

તો આપણા જ્ઞાનનું આદિ, મધ્ય, અંત શું થયું? આપણે વિચારીએ કે આપણે ત્યાંથી આવ્યા છીએ. પૃથ્વી પર આપણા પગ હોય. પરંતુ આપણને એવો અનુભવ થાય કે આપણે લાઈટ છીએ અને બ્રહ્મલોકથી આવ્યા છીએ. તે તો લાઈટનો દેશ છે, સાયલેન્સનો દેશ છે, પવિત્રતાનો દેશ છે તો એ દેશમાંથી આપણે આવ્યા છીએ. તો આપણા બોલ ગુણ, કર્મ, સ્વભાવ પોતાની મેળે જ બદલાશે એ ભૂલશો નહીં. ॥ ઓમશાંતિ ॥

## (પેજ નં. 23નું અનુસંધાન)... દિવ્યદર્શન

કરીએ કે ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના જ્ઞાન દ્વારા આપણા મન-મંદિરની સફાઈ કરી સદા જાગતી જ્યોતિ નિરાકાર પરમાત્મા સાથે આપણી આત્માની જ્યોતિ પ્રજ્જવલીત કરીશું. આસુરી અવગુણોના સંસ્કારોનું ખાતું બંધ કરી દૈવી ગુણ સંપન્ન બનીશું. આપણાં તન-મન-ધનને માનવના આધ્યાત્મિક ઉત્થાનના કાર્યમાં ઉપયોગ કરીશું જેથી પૂણ્યભૂમિ ભારત પર શ્રી લક્ષ્મી-નારાયણના દૈવી સ્વરાજ્યની પુનઃસ્થાપના થાય.

॥ ઓમશાંતિ ॥

## (પેજ નં. 25નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

આ સાંભળીને સીમાનો પતિ અને એની સાસુ બહુ દુઃખી થઈ ગયા કે આટલા પૈસા ક્યાંથી લાવીશું. પણ સીમાએ ડોક્ટરને સાસુને તપાસવાનું કહ્યું તો સીમાનો પતિ અને સાસુ હેરાન થઈ ગયા. સીમાએ કહ્યું કે આ પૈસા તેણીએ ઘર ખર્ચમાં બચત કરીને ભેગા કર્યા છે. કેટલાક દિવસો સુધી સીમા પોતાની સાસુનો ઈલાજ કરાવ્યો. સાસુ સ્વસ્થ થયાં પછી ઘેર લાવવામાં આવ્યાં, એની સાસુએ પૂછ્યું કે હું બચત કરવાની ના પાડતી હતી તો તેં આટલા પૈસા મારા ઈલાજ માટે ક્યાંથી ખર્ચ્યા.

મેં આખા ઘરમાં વીજળીની બચત કરે તેવા LED બલ્બ નંખાવ્યા અને તમે મને બહારથી ભજિયા લાવવાનું કહેતાં હતાં પણ હું ઘેરજ બનાવતી હતી. એણે સીમાની ઘણી પ્રશંસા કરી અને પૈસાની બચત કરવાનો નિર્ણય કર્યો.

**શીખ -** આ વાર્તાથી આપણને એ શીખ મળે છે કે ફાલતૂ ખર્ચ બંધ કરીને બચત કરવી.

॥ ઓમશાંતિ ॥

## (પેજ નં. 11નું અનુસંધાન).. ત્રણ વાતો એવી છે

અસર થતી નથી. આત્મા ભૃકૂટિ વચ્ચે વિરાજમાન છે. શરીરને કોઈ કષ્ટ પડે છે તો બેશક આત્માને પણ અનુભવ થાય છે પણ જે આત્મસ્મૃતિ દ્વારા શરીરથી ડીટેચ રહેશે તે દર્દમુક્ત બનશે. ન્યારા પણાની સ્થિતિ આપણને મજબૂત, શક્તિશાળી બનાવે છે. જ્યારે બીમારી આવે, કપરો સમય આવે પરંતુ મારે એ યાદ રાખવાનું છે કે હું કોણ છું? મારી અંદર કેટલાય પ્રકારના ખજાના જમા છે. માત્ર આપણે સમય કાઢીને એ ખજાનાઓને જોવા પડશે.

॥ ઓમશાંતિ ॥

# ત્રણ વાતો એવી છે જેનાથી દરેક સમસ્યા પાર કરી શકીશું

રાજયોગિની બ્ર.કુ. જયંતીદીદી, અધિક મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ.



આજના સંસારની હાલત જોઈને એ સંકલ્પ અવશ્ય આવતો હશે કે આ કલિયુગ ચાલી રહ્યો છે. પરંતુ આપણે કલિયુગની અંતિમ ઘડીઓ જોઈ રહ્યા છીએ. દરેક ઘરમાં ઝઘડા ચાલી રહ્યાં છે. યુક્રેન, રશિયા, ઈઝરાઈલ વગેરે દેશોમાં. પ્રકૃતિ જેણે આપણને આટલો સહયોગ આપ્યો છે પણ આજે પ્રકૃતિનાં તત્ત્વો પણ માનવો સાથે યુધ્ધ કરી રહ્યાં છે. મનુષ્યાત્માની આ સ્થિતિ જોઈને એ પ્રશ્ન ઉઠે છે હવે આ વાતો વધતી જઈ રહી છે તો આગળ જતાં હું આ વાતોને સહન કરી શકીશ. કઈ રીતે આ સમસ્યાઓને પાર કરી શકીશું. તો પરમપિતા શિવ પરમાત્માનાં મહાવાક્યો એ છે કે જો આપણે અંદરની સ્થિતિને સારી રાખી શકીશું તો પરમાત્મા સાથે પ્રેમનો સંબંધ જોડી રાખીશું તો જે પણ વાતો સામે આવશે તેને સહજ પાર કરી શકીશું.


આપે જોયું હશે કે આજના સંસારમાં ઘણા થોડા લોકો હશે જેમને સ્વયંની યથાર્થ ઓળખ હશે. હું કોણ છું? આજે આપણી ઓળખ આપે છે રૂપ, રંગ, રૂપિયા. પણ હું ચૈતન્યશક્તિ આત્મા છું. આજે મારું રૂપ ગમે તેવું હોય પણ અચાનક કંઈપણ બની શકે છે. મતલબ કે રૂપ આપણી ઓળખ આપતું નથી. બેંક બેલેન્સ, આપણા રૂપિયા પણ આપણી ઓળખ આપી શકતા નથી. પણ આપણે જ્યારે કોઈની સાથે કાર્ય વ્યવહારમાં આવીએ છીએ આપણી ચલનથી, બોલચાલથી આપણા વ્યવહારથી જે આપણી આંતરિક ઓળખ છે તે સ્વયં જ પ્રગટ થઈ જાય છે. પરંતુ સ્વયં આપણે પોતાની જાતને કઈ રીતે ઓળખી શકીએ છીએ? શાંતિની કેટલીક પળોમાં આત્માને જાણવાનો અભ્યાસ કરીએ છીએ. મને સ્વયંની યથાર્થ ઓળખ મળી છે રાજયોગ દ્વારા. જેથી આત્મા સ્વયંને જાણીને, પોતાના અસલી ગુણોનો અનુભવ કરી રહ્યો છે. તો આત્મા શું છે? આત્માનું સ્વરૂપ છે જ્યોતિર્બિન્દુ સ્વરૂપ. અને સુખ એ આત્માના ગુણો છે. જ્યારે આપણે સ્વયંને ભૂલી જઈએ છીએ તો જે આંતરિક સ્થિતિ આપણી છે તે જે આપણું આંતરિક સ્વરૂપ છે. તે આપણાથી દૂર થઈ જાય છે. આપણે ત્યાં સુધી પહોંચી શકતા નથી. એના પરિણામે બહાર જઈએ છીએ. ઠોકરો ખાઈએ છીએ પછી વિચારીએ છીએ કે કોઈ એવું સ્થળ હોય જ્યાં શાંતિ મળે. કોઈ એવી વ્યક્તિ હોય જેનાથી સુખ મળે. પરંતુ જ્ઞાનના આધારથી અને યોગ અભ્યાસના આધારથી આપણને ઓળખ થતી રહે છે અને અનુભવ પણ થાય છે કે આ સર્વ બહારની વસ્તુ નથી. આ છે આંતરિક, આત્માના પોતાના ગુણ.

જ્યારે આપણે સાયલેન્સની યાત્રા કરીએ છીએ. શાંતિમાં સ્વયંને જોઈએ છીએ તો જે બહારની વાતો છે ભૌતિકવાદ - ઉપભોક્તા વાદની એને બહાર રાખીને સ્વયં સાથે વાર્તાલાપ પુરુષાર્થ કરતા. તો આપણને એક એક ગુણનો અનુભવ થતો રહેશે. જ્યારે આ આધાર પર આપણને ઓળખ થાય છે કે હું આત્મા અજર, અમર, અવિનાશી છું. તો ભવિષ્ય માટે કોઈપણ પ્રકારનો ભય રહેતો નથી. શા માટે? કારણકે આપણને ખબર છે કે આત્મા પર પાણીની, આગની કોઈ

(અનુસંધાન પેજ નં. 10 પર)

# એક ફરિશ્તાની વતન તરફ ઉડાન...

## બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



શુક્રવાર (20 સપ્ટેમ્બર, 2024) વહેલી સવારે વ્હોટ્સએપ પર સંદેશ મળ્યો, ભ્રાતા નિર્વૈરજી હવે નથી રહ્યા. ગુરુવારે મોડી રાત્રે ભાઈજીની તબિયત સ્થિર હોવાના સમાચાર મળ્યા હતા, પળભર તો વિશ્વાસ જ ના થયો. કેવી રીતે અચાનક અસંખ્ય સ્નેહસભર મીઠી યાદોને પાછળ છોડી. એક ફરિશ્તાએ વતન તરફ ઉડાન ભરી. એક ક્ષણમાં અંતરમનનાં પડદા પર એ પ્રેમમૂર્તિથી મળેલી અમૂલ્ય પાલનાની મધુર યાદોનું ચલચિત્ર ચાલવા લાગ્યું. દિલે કહ્યું, 'હવે એ અપાર પ્રેમ, એ રૂહાની દુલાર, એ પિતાની સ્નેહભરી પંપાળ ક્યાંથી મળશે? કેવી રીતે થશે એમનાં દિવ્યગુણોનાં દિદાર? તે ઓજસ્વી પ્રભાવશાળી કપાળ, પ્રસન્ન ચહેરા પર ફેલાયેલ નૂરાની નૂર, હર્ષિતમુખ ચહેરા પર ખીલેલા ગુલાબ જેવું હાસ્ય, રાજસ્વી રોયલ ચાલ અને દેવતાઓની જેમ સદા ખુશહાલ, તન-મનના ભવ્ય અને દિવ્ય વિરાટ વ્યક્તિત્વના સ્વામી ભ્રાતા નિર્વૈરભાઈની અદ્‌ભુત છબીની અનોખી ઝલક તો હવે કલ્પ બાદ જ નિહાળવા મળશે...

કયા પૂણ્ય કર્મોનું ફળ હતું જે છેલ્લા 34 વર્ષોથી નિર્વૈરભાઈનાં પિતા સમાન પ્રેમાળ સાનિધ્ય મળવાનું સૌભાગ્ય મૂજ આત્માને પ્રાપ્ત થયું! કોમ્પ્યુટર સાયન્સની સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા પછી હું સેવા માટે મધુબન આવ્યો હતો, ત્યારે નિર્વૈરભાઈના દૃઢ સંકલ્પથી ગ્લોબલ હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું હતું. ગ્લોબલ હોસ્પિટલની પાસે જ પ્રેમનિવાસમાં હોસ્પિટલ સ્ટાફના બી.કે. ભાઈ-બહેનો રહેતા હતા. યોગાનુયોગ મને પ્રેમ-નિવાસમાં સેવા મળી. ત્યારે ભાઈજીને મેં હોસ્પિટલમાં સેવા માટે અરજી કરી. પાલનપુરથી અઠવાડિયામાં ત્રણ દિવસ નેત્ર ચિકિત્સક આવતા હતા, તેથી ભાઈજીએ મને પ્રેમનિવાસની સેવાની સાથે-સાથે નેત્ર ચિકિત્સક સહાયક તરીકેની સેવા કરવાની સુવર્ણ તક આપી. ભાઈજી રોજ હોસ્પિટલમાં ચક્કર લગાવતા અને સુખાકારી અને હાલચાલ પૂછી બધાને ખુશ કરતા. પ્રેમનિવાસના ભાઈ-બહેનો માટે ચીજ-વસ્તુની જરૂરિયાત વિશે કોઈ કહે તો તેઓ તરત જ સાધન-સુવિધા આપીને સંતુષ્ટ કરી દેતા.

દિવસો વીતતા ગયા અને નિર્વૈરભાઈ સાથેની આત્મીયતા વધતી ગઈ. તેમનાં બહુર્મુખી વ્યક્તિત્વની વિવિધ વિશેષતાઓનાં દર્શન થતા ગયા. આગેવાન બની સંગઠનને ચલાવવાની ગજબ નેતૃત્વ કળા હતી તેમનામાં! પ્રેમનિવાસમાં રહેતા ભાઈઓ કરતાં હું ઉંમરમાં નાનો હતો. તેઓ નવા-નવા જ્ઞાનમાં આવ્યા હતા, તેથી દરેકના સંસ્કારો મળતા ન હતા. હું નાની-નાની વાતો પણ ભાઈજીને કહી દેતો તો તેઓ પિતા બની સાંભળતા, સમજતા અને સમાધાન કરી વાતોની ગાગરને સાગર બની સમાવી લેતા. એકવાર એક ભાઈ મારા પર ખૂબ ગુસ્સે થયા, તે વાત મેં ભાઈજીને કરી. બીજા દિવસે હોસ્પિટલમાં બધા ભાઈજીનો જન્મદિવસ ઉજવી રહ્યા હતા. ત્યારે તેમણે ખૂબ પ્રેમથી હસીને તે ભાઈને પૂછ્યું, 'ભાઈ, આજે શું ગિફ્ટ આપશો?' એ ભાઈ ઈશારાને સમજી ગયા. ભાઈજી પહેલા ક્ષમાભાવ, પછી

શિક્ષા-સાવધાની આપતા. કોઈ વ્યક્તિ ગમે તેટલી મોટી ભૂલ કરે, તો પણ સ્નેહની શક્તિથી અનુભવ કરાવતા અને તેમને સન્માન આપી બદલવાની તક આપતાં.

થોડા સમય પછી મને માતેશ્વરી નિવાસમાં સેવા મળી, જે ખૂબ જ એકાંત અને અદ્‌ભુત સ્થળ હતું. જ્યાં મુખ્યત્વે વિદેશીઓ રોકાતા હતા. ભાઈસાહેબ વિદેશીઓને પણ ખૂબ સ્નેહ અને આદર આપતા, તેમની આગતા-સ્વાગતા કરી રૂહાની પ્યારસભર પાલના આપતા, કુશળ વ્યવહારથી બ્રહ્માબાબા જેવી જ ભાસના આપતા, તેથી જ વિદેશીઓ કોઈપણ સંકોચ વિના તેમને મળી દિલની વાત સંભળાવી દેતા. એકવાર ‘કોલ ઓફ ટાઈમ’ પ્રોગ્રામ માટે વિદેશી V.I.P. મહેમાનો આવ્યા હતા. તેમની બાજુના રૂમના બાથરૂમમાંથી પ્રકાશ અને અવાજ આવતો. જેથી મહેમાન ડિસ્ટર્બ થયા, આ વાત ભાઈજીને ખબર પડી. તેથી તેમણે બોલાવીને સમજાવ્યું કે બાબાના ઘરે આટલા દૂરથી આવતા મહેમાનોને કોઈ મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખો અને તેમની વિશેષ કાળજી લેવાની સાવધાની આપી. ભાઈજીના દિલમાં દેશ-વિદેશનાં બાબાના બાળકોને સુખ આપવાનું જાણે ઝનૂન હતું. ક્યારેક-ક્યારેક ભાઈજી રાત્રે માતેશ્વરી નિવાસ સુધી ચાલવા જતા ત્યારે ખુલ્લા આકાશમાં ટમટમતા તારાઓને જોઈને કહેતા, ‘જુઓ હેમંત, આ છે આકાશના તારા અને આપ છો શિવબાબાનાં લક્કી સિતારા’. તેમને પરમાત્માની સાથે-સાથે પ્રકૃતિ પ્રત્યે પણ ઊંડો પ્રેમ હતો. અમે માતેશ્વરી નિવાસમાં રોક ગાર્ડન બનાવ્યો હતો તો તેને જોઈને તેઓ ખુશ થતાં.

ભ્રાતા નિર્વૈરભાઈ તો માનવતાના મસીહા હતા. તેમના દરિયાદિલમાં ગરીબ-અસહાય લોકો માટે ઊંડી કરૂણાની લાગણી હતી, તેઓ તેમની પીડા અને વેદના જોઈ નહોતા શકતા. માતેશ્વરી નિવાસના પરિસરમાં કામદારો રહેતા હતા. ભવનમાં પાણીની અછત હતી. માંડ ટેન્કરથી પાણી મળતું. મજૂરી કરતી મહિલાઓ પાણીનો બગાડ કરતી. એકવાર એક માતાએ નળ જ તોડી નાખ્યો અને લડવા લાગી. વાત ભાઈજી સુધી પહોંચી. ભાઈસાહેબ પોતે જ કારમાં આવ્યા અને તેમને પ્રેમથી શાંત કર્યા. સમસ્યાને સમજી પાણીની ટાંકી બનાવડાવી અને કારણનું નિવારણ કર્યું. ભાઈજી તો બગડેલી વાતને સુધારનાર, ડૂબતી હોડીને કિનારે લાવનાર, સંસાર માટે તો આશાની દીવાદાંડી હતા. કોઈપણ વ્યક્તિ તેમને ગમે ત્યાં મળી પોતાનું દુઃખ સંભળાવી રાહત અનુભવતા અને સમસ્યાનું સમાધાન મેળવી લેતા.

દાદી હૃદયમોહિનીજીના રથમાં અવતરિત બાપદાદા સાથે રૂબરૂ મુલાકાત કરવી એ પરમ સૌભાગ્ય છે. શરૂઆતમાં બાપદાદા પર્સનલ મળતા અને વરદાન-ટોલી આપતા. પછી વિધિ બદલાઈ અને બાપદાદા ગ્રુપ્સને મળવા લાગ્યા. ફક્ત થોડા મહારથીઓ જ સ્ટેજ પર મળતા. પાણી વગરની માછલીની જેમ હું બાપદાદાને મળવા તડપવા લાગ્યો. પણ મળવું કેવી રીતે? એક દિવસ પાંડવ ભવનના પ્રાંગણમાં ઉશ્કેરાટમાં બોલાઈ ગયું, ‘વરિષ્ઠો બાપદાદાને મળે છે, પણ આપણને કોઈ નથી મળાવતું.’ આ હૃદયની પોકાર ભાઈજીએ સાંભળી. તેમણે કહ્યું, ‘આટલી એવી વાત! હું તમને બાપદાદાથી મળાવીશ.’ ડાયમંડ હોલમાં બાપદાદાની પધરામણી થઈ. મુરલી પૂરી થઈ. ભાઈજીએ બાપદાદાને સુંદર પુષ્પગુચ્છ અર્પણ કર્યું. હું ઉદાસ બેઠો હતો. ત્યારે અચાનક એક ભાઈ આવ્યા અને બોલ્યા, ‘ચાલો હેમંત, નિર્વૈરભાઈ સ્ટેજ પર બોલાવે છે.’ મારું મન મોર બની નાચી ઉઠ્યું, હું ખુશીથી દોડતો-દોડતો સ્ટેજ પર ગયો.

સ્વયં ભગવાનની પ્રેમભરી દ્રષ્ટિ અને મીઠી ટોલી મેળવી ગદગદ થઈ ગયો. ભાઈજીને દિલથી દુવાઓ આપી, તેમના માટે હૃદયકુંજમાં આદરણીય સ્થાન બની ગયું.

કહેવાય છે કે જીવન એક સંઘર્ષ છે, હિંમતથી પગલાં ભરો. મારા જીવનમાં પણ કઠિન પરીક્ષાઓ આવી, હું ડિપ્રેશનનો શિકાર બની ગયો. નિર્વૈરભાઈ પિતાના પડછાયાની જેમ ઉભા રહ્યા, દવા અને દુઆ બંને આપ્યા, પ્રેમ અને સહાનુભૂતિની શક્તિ આપી, મારા ડગમગતા કદમોમાં હિંમત આપી અને શાંતિવનમાં સેવા આપી સેટ કર્યો. મારી તન-મનની બીમારીનાં સમયે મારા લૌકિક માતા-પિતા ભાઈજીને મળ્યા ત્યારે તેમનું મનોબળ વધારતા કહ્યું, 'હેમંત ખૂબ જ સારો છે, તેની કોઈ ફરિયાદ નથી, તેની તબિયત સારી થઈ જશે'. પછી પોતાના સમર્પણની વાત સંભળાવી, 'હું નેવીમાં હતો, જ્યારે મેં મમ્માને સમર્પિત થવાની ઈચ્છા વ્યક્ત કરી, તો મમ્માએ કહ્યું, આ તો બહુ સારી વાત છે, તમારે જીવવા માટે શું જોઈએ?, પહેરવા માટે બે જોડી કપડાં અને ખાવા માટે બે રોટલી, તે યજ્ઞ દ્વારા મળી જશે, હું પણ સમર્પિત થયો'. આટલા મહાન હતા ભાઈજી! જે ગુણોનાં વખાણ કરીને ખામીઓને ઢાંકી દેતા અને જીવન નૈયાને પાર કરાવી દેતા. મને વાચા સેવામાં રસ હતો, તો ઓમ મ્યુઝિયમમાં સેવા આપી. તેમનાં વિચારો ઊંચા હતા. ભાઈજી જ્યાં જાય તેમને ખુશી મળે, સંસ્કાર મળે ત્યાં કુમારોને સેટ કરતા અને તેમની વિશેષતાઓને પારખી સેવામાં લગાડતા.

ભ્રાતા નિર્વૈરભાઈનાં હિમાલય જેટલા વિરાટ વ્યક્તિત્વને ચાર ચાંદ લગાવનાર હતા. તેમની શ્રેષ્ઠ ધારણાઓ. દરેકને આગળ લઈ જવાની તેમની ધગશ, પડી ગયેલાને ગળે લગાડવાનો તેમનો જુસ્સો, અપકારી પર ઉપકાર કરવાની પરોપકારની વિશાળ ભાવના, 'બધાનું સારું થાય, બધા ખુશ રહે' - એવી ઉચ્ચ મંગલકામના! ભાઈજીની અધ્યાત્મ પર પકડ મજબૂત હતી. તેઓ પોતાના અંતરમનની સ્વચ્છતા અને આચરણની શુદ્ધતા પર ચાંપતી નજર રાખીને પોતાની સ્થિતિને શિવપિતા સમાન નિર્મળ બનાવીને રાખતા. દાદી ગુલઝારજીના અવ્યક્ત આરોહણ પછી દાદીજીનું સ્મારક બની રહ્યું હતું. ભાઈજીએ દાદીજી માટે લખ્યું કે દાદીજી કોઈના પણ અવગુણ ચિત્તમાં નહોતા રાખતા. એ જ રીતે ભાઈજી પણ કોઈના દુર્ગુણો મનમાં નહોતા રાખતા. દરેકને માટે સમભાવ રાખનાર ભાઈજીનાં વ્યવહારમાં ક્રોધ, જોશ કે ઉતેજના ક્યારેય સહેજ પણ નથી જોયા. મધુર સ્મિત અને મધ જેવા મીઠાં શબ્દોથી તેઓ પોતાના વિચારો અને લાગણીઓને હાવભાવ દ્વારા વ્યક્ત કરતા.

ભ્રાતા નિર્વૈરભાઈએ મુજ આત્માની તો જાણે જીંદગી જ સજાવી દીધી! ભાઈજી દરેક જરૂરિયાતને પૂરી કરતા. એકવાર જન્મદિવસ પર જ્યારે ફૂલોનો ગુલદસ્તો આપી કહ્યું કે મેં જાતે બનાવ્યો છે, ત્યારે તેઓ ખુશ થઈ ગયા અને કહ્યું, 'કેટલો સુંદર છે, આને તો પ્રદર્શનમાં મૂકવો જોઈએ.' તેઓ ગુણગ્રાહી બની પ્રશંસા કરતા ઉત્સાહ વધારી આગળ વધારતા. એકવાર શાંતિવનમાં રસ્તામાં ચાલતી વખતે, હું આદરયુક્ત સંકોચવશ શાંતિથી નિકળી ગયો તો કહ્યું, 'આજે ઓમ શાંતિ પણ ના કર્યું?' આટલી બધી કાળજી લેતા હતા ભાઈજી! તેમના શબ્દકોશમાં 'ના' શબ્દ હતો જ નહિં. જેમ શિવબાબા અને બ્રહ્માબાબાના ફોટામાં લખ્યું છે કે, 'બાળકો, તમે ચિંતા ન કરો, હું બેઠો છું'. એવી જ રીતે ભાઈજી પણ દરેકની ચિંતાઓ દૂર કરવા હંમેશા તૈયાર રહેતા. જેમ સમુદ્રના

**(અનુસંધાન પેજ નં. 33 પર)**

# નમ્રતા

## બ્ર.કુ. ગીતાબેન ગજ્જર, ઉપલેટા

નમ્રતાનો ગુણ જીવનમાં ખૂબ જ મહત્વનો છે. જેમ વૃક્ષમાં ફળ આવે અને વૃક્ષો ઝૂકી જાય છે, એમ વ્યક્તિમાં જેમ કોઈ વસ્તુનું જ્ઞાન આવે, તેમ તેનામાં નમ્રતા પણ આવવી જોઈએ. કહેવાય છે કે જ્ઞાનનું અભિમાન એ પણ અજ્ઞાનતા છે. આ વાતને એક ઉદાહરણ સાથે સમજીએ.

મહા કવિ કાલિદાસ એક વખત ક્યાંક જતા હતા. રસ્તામાં તેને તરસ લાગી. ત્યાં એક પનિહારી પાણી ભરી રહી હતી. કાલિદાસ બોલ્યા : માતા ,પાણી પીવડાવો ,

ખૂબ પુણ્ય થશે. પનિહારી બોલી : બેટા, હું તને નથી જાણતી. તારો પરિચય આપ. પછી હું તને પાણી પીવડાવીશ.

કાલિદાસે કહ્યું : હું મહેમાન છું. મહેરબાની કરી મને પાણી પીવડાવો.

પનિહારી બોલી : તુ મહેમાન કેવી રીતે હોઈ શકે? સંસારમાં બે જ મહેમાન છે-પહેલું ધન અને બીજું યુવાની. આ બંનેને જવામાં સમય નથી લાગતો. સાચું કહે તું કોણ છે? (તર્ક થી હારીને કાલિદાસ અવાક્ રહી ગયા)

કાલિદાસ બોલ્યા : હું સહનશીલ છું. હવે તમે મને પાણી પીવડાવી દો.

પનિહારીએ કહ્યું : નહીં, સહનશીલ તો બે જ હોય છે-પહેલી ધરતી, જે પાપ આત્માઓનો બોજો સહન કરે છે. એના પર હળ ચલાવીને બીજ વાવવામાં આવે છે, તો પણ તે અનાજના ભંડારો ભરી દે છે. બીજા વૃક્ષો, કે જેને પથ્થર મારો તો પણ તે મીઠા ફળ આપે છે. તું સહનશીલ નથી. સાચું કહે તું કોણ છે? (કાલિદાસ હોશ ગુમાવવાની સ્થિતિમાં આવી ગયા અને તર્ક - વિતર્કથી વિહવળ થઈ ગયા)

કાલિદાસ બોલ્યા : હું હઠીલો છું.

પનિહારી બોલ્યા : ફરી જૂઠ. હઠીલા તો બે જ હોય છે-પહેલા નખ અને બીજા વાળ, ગમે તેટલા કાપો, વારંવાર વધતા જ રહે છે. સાચું કહો તમે કોણ છો? (કાલિદાસ અપમાનિત અને પરાજિત થઈ ચૂક્યા હતા)

કાલિદાસે કહ્યું : તો હવે તો હું મૂર્ખ જ છું.

પનિહારીએ કહ્યું : નહીં, તું મૂર્ખ કેવી રીતે હોઈ શકે? મૂર્ખ બે જ છે - પહેલો રાજા કે જે કોઈ યોગ્યતા વગર પણ સૌ લોકો ઉપર શાસન કરે છે અને બીજો પંડિત કે જે રાજાને પ્રસન્ન કરવા માટે ખોટી વાતો ઉપર પણ દલીલ કરીને એને સત્ય સાબિત કરવાની ચેષ્ટા કરે છે. (હવે કાલિદાસ ચૂપ થઈ ગયા અને એ વૃદ્ધ પનિહારી ના ચરણોમાં પડી ગયા અને પાણીની યાચના માટે કરગરવા લાગ્યા)

વૃદ્ધા બોલ્યા : ઉઠો વત્સ.(અવાજ સાંભળીને જ્યારે મહા કવિ કાલિદાસે ઉપર જોયું તો સાક્ષાત માતા સરસ્વતી ત્યાં ઉભા હતા. કાલિદાસ ફરી નતમસ્તક થઈ ગયા)

સરસ્વતી મૈયા એ કહ્યું : શિક્ષાથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, અહંકારથી નહીં. તારી શિક્ષાના બળે પ્રાપ્ત થયેલી માન અને પ્રતિષ્ઠાને જ તે તારી ઉપલબ્ધિ માની લીધી અને તારામાં અહંકાર આવી ગયો. એટલા માટે તારા અંતઃચક્ષુ ખોલવા માટે મારે આ પનિહારી નું રૂપ ધરવું પડ્યું.

**(અનુસંધાન પેજ નં. 33 પર)**

# ભગવાનની વિશાળતા

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

અનુભવના આધારે કહું છું કે પરમાત્માનો પ્રિય શબ્દ છે... **'બેહદ અર્થાત વિશાળતા'**. હું તો એમ કહીશ કે પરમાત્માનો સ્વભાવ જ છે વિશાળતા! એમને તો બેહદમાં રહેવું, બેહદની સેવા કરવી, બાળકોને બેહદનો વારસો આપવો જ ગમે. જુઓને પરમધામમાં ત્યાં સુધી રહ્યા જ્યાર સુધી કરોડો આત્માઓ એમની સાથે હતા. પરમધામથી પણ ત્યારે જ અવતરણ કર્યું જયારે દુનિયાની જનસંખ્યા સ્પીડમાં વધવાની શરૂ થઈ. દ્વાપરયુગથી શરૂ કરેલી હજાર-દસ હજારની સેવામાં એમને મજા ના આવી એટલે બેહદની સેવામાં ધરા પર અવતરિત થયા.

## દાદાને પણ બેહદ સેવામાં સહયોગી બનાવ્યા

દાદા લેખરાજજીની વાત કરીએ ને! તો તેઓ એમની મસ્તીમાં મસ્ત હતા, અહોભાવથી ભક્તિ કરતા હતા, બિઝનેસ પણ ઉચ્ચ કોટિનો હતો. રૂપ - રૂપિયા, પદ - પ્રતિષ્ઠા, બધી જ રીતે સમૃદ્ધ હતા. પણ ભગવાને એમને પણ બેહદની સેવા કરવાના ધંધે ચઢાવી દીધા કે **'હાલ ભાઈ.. આવો ધંધો શું કરસ? મારી જેમ બેહદનો ધંધો કર.'** ગજબની વાત તો ત્યારે થઈ જયારે દાદા પણ પોતાની ચલ-અચલ સંપત્તિ, પરિવાર સહિત બેહદની સેવામાં જોડાઈ ગયા. **એ પણ શિવબાબા જેવા જ! શિવબાબાની જેમ એમને પણ બેહદનું જ ગમે! બાળકોને રોજ મુરલીમાં સંભળાવી પણ દે.. ' મોડડડડડડટ્ટા હોર્ડિંગ બનાવજો, મોડડડડડડટ્ટા ... મોડડડડડડટ્ટા મેળા કરજો.'**

## આવું તો ભગવાન જ વિચારી શકે છે

વાત હિસ્ટ્રી હોલની છે. એકવાર બાબા હિસ્ટ્રી હોલમાં મુરલી ચલાવતા હતા. ક્લાસમાં ગણતરીના ભાઈ-બહેનો હતા. પણ મુરલી એવી ચલાવી કે હજારો ભાઈ-બહેનો ક્લાસમાં ના હોય! દીદીએ તો પૂછી જ લીધું. ત્યારે જવાબ આપ્યો કે **'હું કઈ માત્ર તમને જોઈને મુરલી ચલાવતો નથી. ભવિષ્યમાં તો લાખો બાળકો આવવાના છે. એમને જોઈને મુરલી ચલાવું છું.'** બોલો! હવે કોઈ સાધુ, સંન્યાસી, વિદ્વાન કે પંડિત એવું વિચારી શકે ખરું! વળી ક્લાસમાં ઓછા ભાઈ-બહેનોને જોઈ આપણને પણ ફીલિંગ આવવાની માર્જીન હોય છે કે આટલા ઓછા ભાઈ-બહેનોને હું શું ક્લાસ કરાવું? પણ એ તો **ચાર બાળકોની વચ્ચે પણ આખ્ખી દુનિયાને જુએ. બેહદની મૌજ કરે અને સૌને બેહદની મૌજ કરાવે.**

## ભગવાન મલ્ટી ટાસ્ક ધરાવે છે

ભગવાન તો મલ્ટી ટાસ્ક પણ ધરાવે! બાબા મધુબનમાં મુરલી ચલાવતા હોય અને મુરલી સાંભળતા સાંભળતા વચ્ચે વચ્ચે આપણને ફીલ થાય કે એ તો છે જ નહી.. એક સેકન્ડમાં ક્યાંક ફરી આવે, કોઈને અનુભવ કરાવી આવે તો કોઈને સાક્ષાત્કાર કરાવી આવે કે કોઈને પ્રેરણા આપીને આવે અને વળી કહે કે આજે ફલાણા ભાઈ કે બહેન યાદ આવે છે.

## ભગવાનની વિશાળતાના દર્શન

બેહદની વાત પરથી એક મજાનો અનુભવ સંભળાવું. 26મી જાન્યુઆરી 2001. આપ સૌને યાદ તો હશે જ. ગુજરાતમાં ધરતીકંપે સૌના હૃદયને કંપિત કરી દીધા હતા. આવી હોનારત તો

કોઈએ જોઈ પણ ન હતી. ભલે મુરલીમાં સાંભળતા હતા કે અર્થક્વેક થશે, પ્રાકૃતિક આપદાઓ આવશે વગેરે વગેરે.. લાખો આત્માઓએ શરીર છોડ્યું એટલે બહેનોએ પણ શિવજીને પૂછી જ લીધું કે લાખો આત્માઓએ શરીર છોડ્યું છે તો એ કઈ ધમાલ તો નહી કરે ને? જવાબ મળ્યો - **'મૈ હું ના!'** વાત અહિયાં પૂરી થતી નથી.. સમાચારપત્રની ધાર્મિક પૂર્તિમાં છપાયેલા એક લેખના હેડીંગે મને પેપર વાંચવા માટે પ્રેરિત કર્યા. કારણ કે ભગવાનનો સંદેશ મારા સુષુપ્ત મસ્તિષ્કમાંથી ડીલીટ થયો ન હતો. વાંચીને ભગવાનની વિશાળતાના દર્શન થયા.. દેશ વિદેશમાંથી પહોચેલા તાંત્રિકની લીધેલી એક મુલાકાત ટાંકીને પત્રકારે લખ્યું હતું કે શરીર છોડીને ગયેલા આત્માઓ કોઈ પણ તાંત્રિકના વશમાં આવવા તૈયાર નથી. **કારણ તેઓની પાલના સ્વયં ભગવાન કરી રહ્યા છે. ભગવાનના પ્રેમ અને સ્વર્ગના સુખની અનુભૂતિ કરી રહ્યા છે. એ વાંચીને તો મારી આંખો પહોળી જ થઈ ગઈ. કેવી વિશાળતા.. કેવી ઉચ્ચ કોટિની શુભભાવના!**

ખરેખર ભગવાન આવીને માત્ર બાળકોને જ ભણાવી રહ્યા છે એવું નથી પણ બ્રહ્મા દ્વારા નવી દુનિયાની સ્થાપનાની સાથે વિષ્ણુ દ્વારા પાલના અને શંકર દ્વારા વિનાશનું કાર્ય પણ સંભાળી રહ્યા છે એવી પ્રતીતિ હર હંમેશ થતી રહી છે. તેથી જ મારા મનમાંથી એક શંકા માત્ર દૂર થઈ કે ભગવાને સૂક્ષ્મ વતનમાં બ્રહ્મા - વિષ્ણુ - શંકર પૂરીઓ કેમ બતાવી છે?

**શું આપણે ભગવાનને ઓળખ્યા છે?** પરમાત્મા ઘણીવાર મુરલીમાં કહે છે કે હું જેઓ છું તેઓ મને ઓળખવા વાળા કોટોમાં કોઈ અને કોઈમાંથી પણ કોઈ જ છે. ત્યારે મને ચેલેંજ લાગે કે ખરેખર આપણે ભગવાનને સમ્પૂર્ણ રીતે ઓળખી નથી શક્યા? ભગવાનનો પરિચય મળ્યો એ વાત તો સાચી છે કે ભગવાન નિરાકાર છે, ભગવાન જયોતિર્બિંદુ છે. ભગવાનનું નામ શિવજી છે. તેઓ પરમધામ નિવાસી છે. વગેરે વગેરે.. પણ ભગવાનને ઓળખ્યા છે? એ વિચારવાનું રહ્યું.. જ્યાર સુધી ભગવાનની વિશાળતાને ફીલ ના કરીએ ત્યાં સુધી ભગવાનને ઓળખવા શક્ય નથી. જુઓ, ભગવાને બ્રાહ્મણોની રચના કરી છે, એ પણ બ્રહ્માના મુખેથી. ભગવાનના આ કર્તવ્યમાં પણ વિશાળતાના દર્શન થાય છે. બ્રાહ્મણ શબ્દમાં પણ બૃહદ શબ્દ અર્થાત વિશાળતા સમાયેલો છે.

**ભક્તિમાં પણ વિશાળતાના દર્શન -** માત્ર જ્ઞાનમાં જ વિશાળતા જોવા મળે છે એવું નથી પણ ભક્તિમાં પણ ભગવાનની વિશાળતા જોવા મળે છે. હું અંબાજીના દર્શને ગયો હતો.. બપોરનો સમય.. ગણતરીના ભક્તો દર્શનાર્થે આવ્યા હતા. એટલે ધ્યાનથી અને આરામથી જોવાની તક મળી. મેં જે નિરીક્ષણ કર્યું છે તે અત્રે જણાવું છું.

**૧. ગબ્બર પર અખંડ જ્યોતિ છે.**

**૨. મુખ્ય મંદિરમાં યંત્રની પૂજા થાય છે.**

**૩. મા અંબાની સાત દિવસની સાત સવારી હોય છે. જેમ કે સોમવારે નંદી, મંગળવારે સિંહ, બુધવારે હાથી, ગુરુવારે ગરુડ, શુક્રવારે હંસ, શનિવારે ઐરાવત અને રવિવારે વાઘ.**


**૪. યંત્રના શણગાર કરી પછી માના ચહેરાને શણગારવામાં આવે છે.**

ઉપરોક્ત વાતોને ધ્યાનમાં રાખી મનમાં વિચાર ચક્ર ફરવા લાગ્યું. સાર સ્વરૂપે એ વાત સ્પષ્ટ થઈ કે ભગવાનની વિશાળતા અસીમિત છે. અહિયાં નિરાકારી શિવ અને આકારી સ્વરૂપે બ્રહ્મા બંને માની પૂજા થઇ રહી છતાં બંને ગુપ્ત રહી

(અનુસંધાન પેજ નં. 22 પર)

# એક દિવ્ય ફરિશ્તાનું અવ્યક્ત આરોહણ

## રાજયોગી બ્ર.કુ. નિર્વૈરભાઈ, પૂર્વ સેક્રેટરી જનરલ, બ્રહ્માકુમારીઝ



86 વર્ષીય બ્રહ્માકુમારી સંસ્થાના મહામંત્રી રાજયોગી નિર્વૈરભાઈ થોડા સમયથી અસ્વસ્થ હતા. આપે 19 સપ્ટેમ્બરે 2024 રાત્રે 11 કલાકે એપોલો હોસ્પિટલ, અમદાવાદમાં અંતિમ શ્વાસ લીધા. આપ છેલ્લાં 55 વર્ષથી સંસ્થામાં સમર્પિત થઈને સેવા કરી રહ્યા હતા. આપે ભારતીય નેવીમાં નવ વર્ષ સેવા આપી. તેમના નિધનથી બ્રહ્માકુમારી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. દેશ-વિદેશોમાં આવેલા સેવાકેન્દ્રમાં યોગ તપસ્યા કરવામાં આવી.

તેમના દેહને 20 સપ્ટેમ્બરે, સવારે નવ કલાકથી મુખ્યાલય શાંતિવનના કોન્ફરન્સ હોલમાં અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યો હતો. 21 સપ્ટેમ્બરે માઉન્ટ આબુમાં પાંડવભવન, જ્ઞાનસરોવર, ગ્લોબલ હોસ્પિટલ, મ્યુઝિયમની યાત્રા કરાવી હતી. 22 સપ્ટેમ્બરે સવારે 9 કલાકે હજારો લોકોની હાજરીમાં ગાર્ડ ઓફ ઓનરના સન્માન સાથે આપના સવારે 10 કલાકે 'મુક્તિધામ' આબુરોડમાં આપના દેહનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો. તે પહેલાં જ્યારે પાર્થિવ દેહ શાંતિવન પહોંચ્યો ત્યારે સંસ્થાના મુખ્ય પ્રશાસિકા દાદી રતનમોહિની, સંયુક્ત સંચાલિકા બ્ર.કુ. મુન્ની દીદી, અધિક સેક્રેટરી જનરલ રાજયોગી બ્રીજમોહનભાઈ, મીડિયાના પ્રમુખ રાજયોગી કરુણાભાઈ, કાર્યકારી સચિવ બ્ર.કુ. મૃત્યુંજયભાઈ, અમેરિકાથી આવેલા બ્ર.કુ. ગાયત્રીબેન વગેરે સેંકડો પરિવારના ભાઈ-બહેનોએ શ્રદ્ધાંજલિ આપી હતી. મીડિયા પ્રમુખ રાજયોગી કરુણાભાઈએ જણાવ્યું કે નિર્વૈરભાઈને 5-6 દિવસ પહેલાં ફેફસાંના ઈન્ફેક્શનને લીધે અમદાવાદની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં 19 સપ્ટેમ્બરે રાત્રે અચાનક એટેક આવતાં તેમનું મૃત્યુ થયું હતું. તેમના નિધનના સમાચાર મળતાં જ દેશમાં વરિષ્ઠ બ્રહ્માકુમાર ભાઈ-બહેનો શાંતિવન પહોંચવા લાગ્યા હતા.

### રાજયોગી નિર્વૈરભાઈની જીવન ઝરમર

પંજાબના ગુરુદાસપુરમાં 20 નવેમ્બર, 1938નાં રોજ અકાલી પરિવારમાં જન્મેલા બ્ર.કુ. નિર્વૈરભાઈને બાળપણથી જ ધર્મ અને આધ્યાત્મિકતા પર વિશેષ લગાવ હતો. એમની કૌટુંબિક પૃષ્ઠભૂમિ ઉચ્ચ વર્ગની સાથે આધ્યાત્મિકતામાં ડૂબી ગઈ હતી.

એક વર્ષની ઉંમરમાં માતાનું અવસાન થયું. આ પછી ભાઈઓએ એમની સંભાળ રાખી. 15 ઓગસ્ટ, 1947ના રોજ દેશની આઝાદીના સમાચાર સાંભળ્યા અને એમના પિતાજી પણ તેમના વૃદ્ધ દેહમાંથી મુક્ત થઈને દુનિયામાંથી વિદાય થયા. ત્યારે તેઓ માંડ માંડ ભાનમાં આવ્યા. ત્રણ ભાઈઓમાં સૌથી નાના એવા રાજયોગી નિર્વૈરભાઈના ઉછેરમાં કોઈ ખામી ન હતી. ભાઈઓએ માતા-પિતાનો પ્રેમ આપીને એમનો ઉછેર કર્યો હતો. તેમનો જન્મ અકાલી પરિવારમાં હોવા છતાં તેમના જીવનનો ઝોક આધ્યાત્મિકતા તરફ જ રહ્યો.

શાળા સતત બદલાતી રહી. આપનું

પ્રાથમિક શિક્ષણ ઘણી શાળાઓમાં થયું. તેથી શાળાઓ સતત બદલાતી રહી. પ્રાથમિક થી દસમા ધોરણનું શિક્ષણ ઉર્દૂમાં પૂરું થયું. પહેલો વર્ગ પાંગલામાં અને પછી બીજા વર્ગથી ચોથા વર્ગ સુધી યોજનવાલા શાળામાં અભ્યાસ કર્યો. ત્યાર પછી એંગ્લો સંસ્કૃતિ હાઈસ્કૂલ, મુકેરિયામાં ધોરણ પાંચ સુધીનું અભ્યાસ કાર્ય પૂર્ણ થયું. બાળપણથી જ હોંશિયાર હોવાને કારણે તેમને ચોથા ધોરણથી જ સ્કોલરશીપ મળવા લાગી. પુસ્તકોએ જીવનનો રાહ બદલી દીધો.

રાજયોગી નિર્વૈરભાઈના મોટા ભાઈના ઘરમાં મોટી લાયબ્રેરી હતી. તેમના મોટાભાઈ તેમને માહિતીપ્રદ પુસ્તકો વાંચવા આપતા પરંતુ એમનું મન સ્વામી રામતીર્થના પુસ્તકો વાંચીને જ સંતુષ્ટ થઈ જતું. હાઈસ્કૂલ દરમિયાન તેઓ સ્વામી વિવેકાનંદના પુસ્તકો વાંચવા લાગ્યા. વિવેકાનદે વર્ણવેલા ચાર યોગનો ખૂબ જ નજીકથી અભ્યાસ કર્યો. અહીંથી અધ્યાત્મ તરફનો ઝુકાવ વધતો ગયો. બોર્ડીંગમાં ભણ્યા. ઘોડા પર બેસીને શાળાએ જતા. તેમનો સ્વભાવ બીજા છોકરાઓ કરતાં સાવ જુદો હતો. વહેલા સૂઈ જવું અને વહેલા ઉઠી જવું એ બાળપણની ટેવ હતી. એમના જીવનનો ઉદ્દેશ્ય શીખવાની ટેવ અને સારું કાર્ય કરવાનો જુસ્સો રાખવાનો હતો. 16 વર્ષની ઉંમરે તેઓ નૌકાદળમાં ઈલેક્ટ્રોનિક એન્જીનીયરની પોસ્ટ માટે પસંદ થયા. ત્યાંથી સઘન અભ્યાસ માટે વિશાખાપટ્ટનમ ગયા. 1955માં થોડા મહિના રોકાયા બાદ ફરીથી લોનાવાલા ગયા અને ત્યાં દોઢ વર્ષ રહ્યા. અહીં નૌકાવિહારની તમામ પ્રકારની તાલીમ લીધી. આ પછી તેમની બદલી ગુજરાતના જામનગરમાં કરવામાં આવી. જામનગરમાં રહીને સઘન તાલીમ પૂર્ણ કરી. જહાજમાંથી જ રડારથી લઈને ઈલેક્ટ્રોનિક્સ સુધીની દરેક બાબતની તાલીમ લઈને તેઓ ઈલેક્ટ્રોનિક ક્ષેત્રમાં પૂર્ણ બન્યા. પૂનામાં એન્જીનીયરીંગની તાલીમ લીધી. આ સમય દરમિયાન તેમણે પૂનાની એન્જીનીયરીંગ કોલેજમાં જહાજનું તમામ બાબતોનું નિરીક્ષણ કરીને તાલીમ લીધી. રહેવાથી માંડીને ખાવા પીવા સુધીની દરેક બાબતોને ઝીણવટપૂર્વક સમજ્યા. પછી તે દરેક બાબતમાં નિપુણ બની ગયા. કારણ કે નેવીમાં સઘન તાલીમ આપવામાં આવે છે કે તમે કોઈ કારણોસર એકલા પડી જાવ તો પણ તમારે જહાજને ડૂબવા ન દેવું જોઈએ. તે સમયે પણ નેવીમાં ઉત્તમ વ્યવસ્થા હતી. રડારની પણ સંપૂર્ણ જાણકારી હોવાને કારણે તેમને રડાર કન્ટ્રોલ રૂમની પણ જવાબદારી સોંપવામાં આવી હતી.

1960માં બ્રહ્માબાબાને મળ્યા પછી જીવનની દિશા બદલાઈ 1959ની વાત છે. પંજાબમાં બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. આધ્યાત્મિકતા અને યોગમાં તેમની રુચિને કારણે તેઓ બ્રહ્માકુમારી સંસ્થામાં જોડાયા. નિયમિત રીતે આધ્યાત્મિક સત્સંગમાં હાજરી આપવા લાગ્યા. પરંતુ વર્ષ 1960માં માઉન્ટ આબુમાં સંસ્થાના સ્થાપક બ્રહ્માબાબાને મળ્યા પછી એમના જીવનની દિશા બદલાઈ ગઈ. પછી તેમણે વિશ્વ કલ્યાણની સેવામાં પોતાનું જીવન સમર્પણ કરવાનું નક્કી કર્યું. એમણે સમગ્ર જીવન આધ્યાત્મિકતા અને વિશ્વ કલ્યાણ માટે સમર્પિત કર્યું.

આ પછી ભારતીય નૌકાદળમાંથી રાજીનામુ આપીને માઉન્ટ આબુ આવ્યા. તેઓ છેલ્લા 55 વર્ષથી બ્રહ્માકુમારી સંસ્થામાં સેક્રેટરી જનરલના પદ પર રહીને સેવાઓ આપી રહ્યા હતા.

એક વખતે બ્ર.કુ. નિર્વૈરભાઈએ પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું કે બાબાએ દિવસમાં આઠ કલાક યોગ કરવાથી અશક્ય પણ શક્ય બને છે.

તે સમયે એક મહિના સુધી આઠ કલાક યોગ કર્યો અને નેવીમાંથી રજા મળી.

ત્યારબાદ બાબાએ નિર્વેરભાઈને 1969માં માઉન્ટ આબુમાં મ્યુઝિયમ બનાવવાની સેવા આપી. બાબાના અવ્યક્ત થયા બાદ 1970માં માઉન્ટ આબુ આવ્યાને સ્વયંને ઈશ્વરીય સેવા માટે સમર્પિત કર્યા. પછી ધીરે ધીરે દાદી પ્રકાશમણિ અને દીદી મનમોહિની સાથે સેવા કરવાની તક મળી. વિશ્વકક્ષાએ સેવા કરવાની તક મળી. તેઓ ગંભીર વ્યક્તિત્વ ધરાવતા હતા અને તેમના સમર્પણ, નિષ્ઠા અને તીવ્ર બુદ્ધિને કારણે ટૂંકા ગાળામાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સોંપી હતી. આ રીતે એમને જીવનમાં જે પણ જવાબદારી મળી તે પૂરા ઉત્સાહ અને સમર્પણથી નિભાવી. સેવાના માર્ગે આગળ વધીને તેઓ સંસ્થાના સેક્રેટરી જનરલ (મહામંત્રી) બન્યા. એમનું સમર્પણ અદ્દ્ભુત છે કે બ્રહ્માકુમારીઝ સંસ્થામાં મુખ્ય હોદ્દા પર મહિલા સત્તા હોવા છતાં એમને સંસ્થાની મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી. આપના માર્ગદર્શન હેઠળ દેશ વિદેશોમાં મોટા પાયે સેવાઓ થઈ. એમનો સ્વભાવ ગંભીર હતો. જો કોઈ બ્રહ્માકુમાર ભાઈઓ યા બહેનો કોઈ પણ પ્રકારની સમસ્યા લઈને એમનો સંપર્ક કરતાં તો તેનો યોગ્ય નિકાલ આપી શકતા.

યુનાઈટેડ નેશન્સ (યુનો, અમેરિકા)માં આયોજિત કાર્યક્રમના બીજા વિશેષ સત્રમાં તેમણે યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું. જ્યાં તેઓ સત્તાવાર રીતે યુનોના સેક્રેટરી જનરલ પેરાઝ ડી કુએલર અને અન્ય મહાનુભાવોને મળ્યા હતા. આ ઉપરાંત મુખ્યાલય શાંતિવન ખાતે યોજાતી રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય પરિષદોની અધ્યક્ષતા કરી હતી.

## મળેલાં સન્માનો

- વર્ષ 199માં ઈન્ટરનેશનલ પેંગ્વિન પબ્લીશીંગ હાઉસ દ્વારા વિવિધ એવોર્ડથી સન્માનિત.
- રાઈઝીંગ પર્સનાલિટી ઓફ ઈન્ડિયા એવોર્ડ.
- વર્ષ 2001માં ગુજરાતના ગવર્નર દ્વારા 'ગુજરાત ગૌરવ એવોર્ડ' હેઠળ 'મોરારજી દેસાઈ પીસ એજ્યુકેશન ઈન્ટરનેશનલ એવોર્ડ'

આ ઉપરાંત સમય અનુસાર મુખ્યાલયના સંચાલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. શાંતિવન સંકુલ, મનમોહિનીવન, આનંદ સરોવર, માન સરોવર, જ્ઞાન સરોવરનો સક્ષમ વહીવટ કર્યો. ગ્લોબલ હોસ્પિટલની સ્થાપના અને સંચાલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આપના માર્ગદર્શન હેઠળ 50 એકરમાં બાંધવામાં આવનાર ગ્લોબલ મલ્ટીનેશનલ હોસ્પિટલનું ભૂમિપૂજન થયું. એકવાર યોગ કરતાં એમને લાગ્યું કે હું મારા શરીરથી અલગ થઈ રહ્યો છું. આ એમના માટે જીવનની અમૂલ્ય ક્ષણો હતી. તે સમયે એવી અનુભૂતિ થઈ કે હું પાછો આવીશ કે નહીં.

નિર્વેરજીએ શુદ્ધ પ્રેમના નિશાન છોડી દીધાં. રાષ્ટ્રપતિ, વડાપ્રધાનથી લઈને ઘણાં રાજ્યોનાં મુખ્ય મંત્રીઓએ પોતાનું દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી. ભારત અને વિદેશોના હજારો લોકોએ અશ્રુભીની આંખો સાથે અંતિમ વિદાય આપી. રાજયોગી નિર્વેરભાઈના નશ્વર અવશેષો પંચતત્ત્વમાં ભળી ગયા. ચિકિત્સા, શિક્ષણ, સમાજસેવા અને આધ્યાત્મિક ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે ઘણાં નોંધપાત્ર કાર્યો કર્યાં. આબુરોડના નિવાસીઓ સાથે તેમના વિશાળ હ્રદય, દયા, સમર્પણ અને ત્યાગ તપસ્યાથી રાજયોગી બી.કે. નિર્વેરભાઈએ બિનશરતી પ્રેમની છાપ છોડી. જે લાખો લોકોનાં હ્રદયોમાં હંમેશા પ્રેરણા અને માર્ગદર્શક બની રહેશે.

ભારતનાં રાષ્ટ્રપતિ માનનીય દ્રૌપદી મુર્મુ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભાના સ્પીકર ઓમ બીરલા, કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજસ્થાનના મુખ્ય મંત્રી ભજનલાલ શર્મા, રાજસ્થાનના પૂર્વ મુખ્ય મંત્રી વસુંધરા રાજે સિંધિયા સહિત ભારત અને વિશ્વના મહાનુભાવોએ શોક વ્યક્ત કર્યો છે. 100 વર્ષીય સંસ્થાનાં મુખ્ય પ્રશાસિકા રાજયોગિની રતન-મોહિનીએ ચિતા પ્રગટાવીને અગ્નિ સંસ્કાર કર્યા.

આબુ પિંડવાડાના ધારાસભ્ય સમારામ ગરાસિયાએ જણાવ્યું કે રાજયોગી નિર્વૈરભાઈનું જીવન આદર્શ હતું. તેમની સેવાઓ હંમેશા યાદ રહેશે. આબુરોડ - રેવદરના ધારાસભ્ય મોતીલાલ કોલીએ જણાવ્યું કે તેમણે ગ્લોબલ હોસ્પિટલ દ્વારા જે સેવાઓ કરી છે તે યાદ રહેશે. ઉદયપુર જિલ્લા કલેક્ટર અરવિંદ પોસવાલ, જિલ્લા કલેક્ટર અરવિંદ પોસવાલ, જિલ્લા આરોગ્ય અને તબીબી અધિકારી ડો. રાજેશકુમાર, ભાજપ જિલ્લા પ્રમુખ સુરેશ કોઠારી, કોંગ્રેસ જિલ્લા પ્રમુખ આનંદ જોશી, સંસ્થાના અધિક સેક્રેટરી જનરલ રાજયોગી બ્રીજમોહનભાઈ, અધિક મુખ્ય પ્રશાસિકા બી.કે. મોહિનીદીદી, બી.કે. જયંતીદીદી, સંયુક્ત પ્રશાસિકા બી.કે. મુન્ની દીદી, મીડિયાના અધ્યક્ષ રાજયોગી કરુણાભાઈ, કાર્યવાહક મંત્રી બી.કે. ડો. મૃત્યુંજયભાઈ, ગ્લોબલ હોસ્પિટલના ડાયરેક્ટર બી.કે. ડો. પ્રતાપ મિઢા, સદર પોલીસ સ્ટેશનના અધિકારી રાજીવ બહાદુર, બી.કે. નિર્વૈરભાઈના ભત્રીજા જસબીરસિંહ અને અન્ય પરિવારના સભ્યો, ગ્લોબલ હોસ્પિટલના અધિકારીઓ અને સ્ટાફ, તેમજ દેશ-વિદેશોના હજારો લોકો ઉપસ્થિત હતા. અંતિમ સંસ્કાર વખતે નિર્વૈરભાઈના સેવકો બી.કે. શ્યામભાઈ, બી.કે. મોહનભાઈ, બી.કે. દીપકભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

**ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના શોકસંદેશમાં કહ્યું હતું કે બી.કે. નિર્વૈરભાઈ યુવાનવયે બ્રહ્માકુમારી સંસ્થામાં આવ્યા અને તેમનું આખું જીવન માનવસેવા માટે સમર્પિત કર્યું.**

**રાજસ્થાનના પૂર્વ મુખ્ય મંત્રી વસુંધરા રાજે સિંધિયાએ કહ્યું કે તેઓ એક સારા સંસ્કારી વ્યક્તિ હતા. જેમણે 1982માં યુનોના મુખ્યાલય (અમેરિકા)માં આયોજિત નિઃશસ્ત્રીકરણ જેવા મહત્ત્વપૂર્ણ વિષય પર બ્રહ્માકુમારી સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. એમની સેવા માટે ઘણા રાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા હતા. તેઓ એક સરળ સ્વભાવના દયાળુ અને સારા સ્વભાવના હતા. જે તમામ લોકોને આદરથી જોતા હતા.**

આબુ રોડ ટેક્ષી યુનિયને તેમની ટેક્ષીઓ બંધ રાખી. તળેટી અને શાંતિવનની આસપાસની દુકાનો પણ બંધ રાખવામાં આવી હતી. આ ઉપરાંત આબુ રોડ સહિત જિલ્લાભરમાંથી લોકોએ શ્રધ્ધાંજલિ આપી.

નિર્વૈરભાઈએ સંસ્થાની રજતજયંતી, સુવર્ણજયંતી અને ડાયમંડ જ્યુબિલી વખતે ભિન્ન ભિન્ન મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો કર્યા હતા. 25, 50 કે તેથી વધુ વર્ષથી બ્ર.કુ. કુમારી બનનારના ભવ્ય સન્માન કાર્યક્રમો યોજ્યા હતા. મીટીંગ (વાર્ષિક મીટીંગ) મેમ્બર્સ માટે ત્રણ દિવસ સુધી કાર્યક્રમો કરી અદ્‌ભુત પાલના આપી હતી.

રાજયોગી જગદીશચંદ્રના અવ્યક્ત થયા બાદ વર્ષો સુધી, છેલ્લી મીટીંગ સુધી મીટીંગનું અદ્‌ભુત સંચાલન કર્યું. વીસ વીંગોની રચના દ્વારા બ્ર.કુ. બહેનો સાથે બ્ર.કુ. ભાઈઓને પણ મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપી.

મીડિયા સેવામાં એમનું મહત્ત્વપૂર્વ પ્રદાન રહ્યું. તેઓએ શિક્ષણવીંગના અધ્યક્ષ પદેથી **'બાળકો - યુવકોની શિબિર'** નું આયોજન કર્યું. આપ લેખક પણ હતા. અંગ્રેજીમાં પુસ્તકો લખ્યાં. 'વર્લ્ડ રીન્યુઅલ' સામયિકના સંપાદક તરીકે મહત્ત્વપૂર્ણ લેખો લખ્યા. ગુજરાતી 'જ્ઞાનામૃત'ના વિકાસમાં કાલિદાસભાઈને પ્રેરણા આપી તેને બહોળી પ્રસિદ્ધિ આપી. બ્ર.કુ. કાલિદાસભાઈનો 81મો બર્થ ડે એમણે એમના નિવાસસ્થાને યોજ્યો. કેક કાપી, મુખ મીઠું કરાવ્યું. ઈશ્વરીય ભેટ સોગાદ આપી. આ વખતે મેમનગર સેવાકેન્દ્રનાં સંચાલિકા બ્ર.કુ. કમલબેન અને અન્ય બહેનો પણ ઉપસ્થિત હતા. સ્ટર્લીંગની સ્વાસ્થ સેવા વખતે મેમનગર સેવાકેન્દ્રમાં લાંબો સમય રહ્યા અને સૌને પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં. આવા નિર્વૈરભાઈની યાદ સદાયે રહેશે. જે સૌને પ્રેરણા આપશે.

બાપદાદાના અતિ સ્નેહી તપસ્યા અને સેવામાં તત્પર નિમિત્ત બહેનો અને બ્રાહ્મણ પરિવારના સર્વ સભ્યોને સૂચિત કરવામાં આવે છે કે, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયની મધ્યસ્થ સમિતિએ તા. 26 સપ્ટેમ્બર 2024માં દાદી કોટેજ, શાંતિવનમાં થયેલી મીટીંગમાં નીચે મુજબનો નિર્ણય લીધો છે.

બ્રહ્માકુમારીઝના દૈવી સંવિધાનની વ્યવસ્થા અનુસાર મહાસચિવ બી.કે. નિર્વૈરભાઈના દેહ ત્યાગ બાદ અધિક મહાસચિવ બી.કે. વૃજમોહન-ભાઈજીને અત્યારના સમયથી જ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના મહાસચિવ બનાવવામાં આવ્યા છે.

દૈવી સેવામાં, બી.કે. શશિપ્રભા
સચિવ, પ્રબંધન સમિતિ

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 17નું અનુસંધાન).ભગવાનની વિશાળ મા જગદંબાને સાકારમાં પ્રત્યક્ષ કર્યા છે. આ વાત બહુચરાજીમાં પણ જોવા મળી હતી.

**સારમાં એવું કહી શકાય કે બાપસમાન બનવું એટલે દૃષ્ટિ, વૃત્તિ અને કૃતિમાં વિશાળતા ધારણ કરવી. વિશાળતાની ધારણા સિવાય બાપ સમાન બનવું શક્ય જ નથી. આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે - વૈજયંતી માળા! દરેક ધર્મમાં વૈજયંતીમાળા ફેરવવી એ વિધિ કોમન છે. દરેક ધર્મના આત્માઓ બાપસમાન આત્માઓને સીમરી રહ્યા છે. અર્થાત વિશાળતાની ધારણા થકી જ વૈજયંતિમાળાના મણકા બની શકાશે. માટે જ બાબા કહે છે કે 'દેહ, દેહની દુનિયાથી પાર જઈ આત્માઓની પુકાર સાંભળો.'**

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 30નું અનુસંધાન)... નિઃસ્વાર્થ સેવા હોય તો પણ અહીંયા માર્કસ કટ થઇ જાય છે. આ તો ધર્મરાજનો હિસાબ કિતાબ છે. બહુ સૂક્ષ્મ અને પાકો હિસાબ છે. માટે નિઃસ્વાર્થ સેવા ધારી બનો. સ્વાર્થ ના બદલે કલ્યાણ ની ભાવના હોય. કદાચ તમને મળેલો સેવાનો ચાન્સ તમે બીજા સેવાધારી ને અર્પણ કરો છો તો પણ તમારો હિસ્સો એમાં જમા થઈ જાય છે.તમે પોતે કાર્ય ન કર્યું પણ બીજાને ચાન્સ આપ્યો એમાં પણ તમારો ભાગ જમા થઈ જાયછે. સાચો હીરો બનવા હિસાબ કિતાબ સમજવો બહુ જરૂરી છે. આળસ અને અલબેલાપણ થી મુક્ત થાવ. બહુજ સૂક્ષ્મ હિસાબ કિતાબ નો ચોપડો છે, એમાં બાબા ને સ્વયમ્ કશું જ કરવું પડતું નથી. બધું જ ઓટોમેટિક છે.

॥ ઓમશાંતિ ॥

## દિવ્યદર્શન

# મનની સંપૂર્ણ સાફસુફીનું પ્રતિક પર્વ - દિવાળી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

આસો મહિનાની અમાસે ભારતવર્ષના પ્રત્યેક ઘર-ઘરમાં મનાવવામાં આવતો દિવાળીનો તહેવાર એક એવો વિશિષ્ઠ તહેવાર છે. જે બાળકો અને વૃદ્ધો સૌ કોઈ ખૂબ જ આનંદ, હર્ષ અને ઉલ્લાસની સાથે મનાવે છે. જેમ હોળીનો તહેવાર આપણાં જીવનમાં રંગ ભરવા માટેની ઓળખ બની ગયેલ છે. તેમ આપણાં જીવનમાં પ્રકાશ ફેલાવા માટે દિવાળીનો તહેવાર સુપ્રસિદ્ધ છે. દિવાળી ઉપર આપણે સૌ કોઈ પોત-પોતાના ઘરોની સાફ-સૂફી તો કરે જ છે. પરંતુ શું આપણે આપણા ઘરની સાથે સાથે આપણાં મનની સફાઈ કરી છે? શું આપણે આપણી અંદર ક્યારેય ઝાંખીને જોયું છે ખરાં? કે કોઈના માટે કટુતાનો ભાવ તો રહી ગયો નથી? કારણ કે દિવાળીના દિવસોમાં સ્થૂળ રૂપે મકાનની સફાઈ તો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં આ આત્માની સફાઈનું પ્રતિકાત્મક પર્વ છે. આત્મજ્ઞાન દ્વારા આપણી અંદર જે વિકાર, બુરાઈયો, જૂના આસુરી સંસ્કારોનો કચરો ભર્યો છે, તેનું આપણે આત્મપરીક્ષણ આ તહેવાર દરમિયાન કરી શકીએ છીએ.

દીપકો દ્વારા પ્રજ્વલ્લિત દીવાળીનો આ તહેવાર માત્ર કોઈ વિશેષ વર્ગનો નથી. પરંતુ વિશ્વના સમસ્ત મનુષ્યો માટે છે. આ તહેવાર માત્ર ધન ઉપાર્જનની સંપન્નતાનું સ્વરૂપ નથી, પરંતુ આત્મઅવલોકન કરતાં આત્મા દર્શન કરવાનો દિવસ છે તથા તેવો સંકલ્પ કરવાનો દિવસ છે કે મારા જીવનમાં શું સારું અને શું ખોટું છે. આ પુનિત પર્વ ઉપર જો આપણે સૌ આત્માઓ નિરાકાર જ્યોતિ બિંદુ સ્વરૂપ પરમપિતા પરમાત્માનું ધ્યાન કરી તેમના ગુણો જેમ કે - દયા, પ્રેમ, પવિત્રતા, આનંદ, શાંતિને આપણે જીવનમાં અપનાવીએ તો પરમાત્મા પિતા દ્વારા આપણને આ દિવાળીની સૌથી મોટી ભેટ (ઉપહાર) કહેવાય. દીવાળી આપણને સૌને એ યાદ કરાવવા માટે આવે છે કે સંસારને સુખી સંપન્ન બનાવવા માટે આત્મચિંતન કરી આપણે આપણા મનરૂપી દીવો પ્રગટાવી દેશ, વિદેશ અને સમગ્ર વિશ્વને સહયોગ આપીએ. માત્ર દીવડાઓની સજાવટથી નહીં પરંતુ વાસ્તવિક સ્વરૂપમાં સ્વયંને આત્મજ્ઞાનથી આલોકિત કરવું તે સાચી દીવાળી છે. આજે માઁ લક્ષ્મીનું સાચું વરદાન છે અને આજ તહેવારની સાર્થકતા પણ છે. જો તમે આ વર્ષે એક અનોખી દીવાળી ઉજવવા ઈચ્છો છો તો ભલે તમે દીવા પ્રગટાવો પરંતુ તેની સાથે-સાથે સ્વયંની અને અન્ય આત્માઓની આત્મ-જ્યોતિ પ્રગટાવવાનો પવિત્ર સંકલ્પ અવશ્ય કરીએ. જો બીજા આત્માઓ માટે આપણે મનના કોઈ ખૂણે થોડી પણ ઈર્ષા, નફરત કે ક્રોધની ભાવના સંતાડી રાખી હશે તો, તે આપણને પોતાને અને અન્ય આત્માઓને પણ ડર કે ભયભીત કરતી રહેશે. માટે આ પ્રકારની ભાવનાઓને પોતાને પરમાત્મા મહાજ્યોતિ સાથે જોડીને આપણી અંદરથી દૂર કરીએ. લાખો રૂપિયાનો ધુમાડો કરી આતશબાજીની આગ પ્રગટાવવા કરતા ઓછામાં ઓછું એક કોઈ અનાથ કે અભાવગ્રસ્તના જીવનમાં જ્ઞાન-દીપ અને ખુશીઓનો દીવડો પ્રગટાવીએ.

તો આવો, આપણે સૌ સાથે મળી પ્રતિજ્ઞા

(અનુસંધાન પેજ નં. 10 પર)

# પ્રસંગ પરિમલ

## મળી સુખની દુનિયા

એક શહેરમાં એક નૂહ નામનો વૃદ્ધ માણસ રહેતો હતો. એનો સંબંધ રાજપરિવાર સાથે હતો છતાં પણ તે સાધારણ પ્રજાની જેમ રહેતો હતો. એમના ભાઈ જ સમગ્ર રાજકાર્ય સંભાળતા હતા. નૂહ બહુ જ ધાર્મિક અને દાન પુણ્ય કરનારા હતા. જ્યારે એમનો ભાઈ એશ આરામમાં રહેતો અને પ્રજા પર અત્યાચાર કરીને ધન સંગ્રહ કરતો હતો.

એક દિવસની વાત છે, સૂર્ય ઉગતાં પહેલાં જ્યારે નૂહના ઘરમાં સૌ સૂઈ રહ્યાં હતાં. નૂહને આકાશવાણી થઈ કે આ દુનિયા હવે જલ્દી જ ભારે વરસાદથી જળ મગ્ન થનારી છે. એટલે તારે બે કામ કરવાનાં છે. એક જો પ્રજાને જણાવવાનું છે વિનાશના વિશે. બીજું એવાં વાહનો જહાજો તૈયાર કરવાનાં છે. જેમાં સર્વ જાનવરો, પંખીઓ, વૃક્ષ-છોડનું એક એક જોડું અને છ માસનું અનાજ અને પાણી એમાં ભરવાનું છે. જે લોકો આ વાતને માને તેમને સાથે લઈ જઈને પૂરી સામગ્રી ભરવાની છે.

જ્યારે નૂહે સર્વ નગરવાસીઓને જણાવ્યું તો કેટલાક લોકો માન્યા અને જે માન્યા તે નૂહની સાથે તન, મન, ધનથી જોડાઈ ગયા. એવાં વાહનો તૈયાર કર્યાં. જેમાં સર્વ જાનવર-પંખી, છોડવાઓને ભરવા શરૂ કરી દીધા.

બીજી બાજુ એના ભાઈઓએ ઘમંડમાં આવીને ઊંચી ઊંચી ઈમારતો બનાવી અને કહ્યું કે જ્યારે વરસાદ પડશે તો અમે બચી જઈશું. કારણ ઊંચી ઈમારતો જેટલું તો પાણી ભરાય જ નહીં.

છેવટે પ્રલયનો દિવસ આવી ગયો. જોત જોતામાં એટલું તોફાન શરૂ થયું કે બધી ઈમારતો પત્તાના મહેલની જેમ ડૂબી ગઈ. બીજી બાજુ નૂહનાં વાહન-જહાજો પાણીમાં તરવા લાગ્યાં. લગભગ છ માસ વરસાદ પડ્યો. એક દિવસ વરસાદ સમાપ્ત થયો. સૂર્યનો ઉદય થયો.

નૂહે વહાણની છત પર જઈને જોયું તો એક નાનકડો જમીનનો ટુકડો દેખાવા લાગ્યો. પાણીથી ચારે બાજુ ઘેરાયેલા જમીનના ટુકડામાં ફળ અને પાણી ભરપૂર હતાં નૂહ પોતાના સાથીઓ સાથે ત્યાં રહેવા લાગ્યો. ત્યાં પ્રજા માટે દરેક પ્રકારની સંપત્તિ અને સુખ હતાં.

**આધ્યાત્મિક ભાવ -**

આ વાર્તા કલિયુગના અંત તથા સતયુગના આદિના સંગમયુગનું ચિત્રણ છે. જે રીતે નૂહને આકાશવાણી થઈ એ પ્રકારે પરમાત્મા દ્વારા પ્રજાપિતા બ્રહ્મા (સૃષ્ટિના રચયિતા)ને પણ સાક્ષાત્કાર થયા કે સુખ-શાંતિવાળી સૃષ્ટિનું નિર્માણ અને દુઃખોની દુનિયાના અંતની જેમ નૂહની વાત કેટલાક લોકોએ માની, બસ એ પ્રકારે પરમાત્માની વાતને પણ ઘણા થોડા લોકો સમજી શક્યા. નૂહને જે જમીન સમુદ્રમાં મળી હતી તે સ્વર્ગ છે. અત્યારે જે આ ઈશ્વરીય કાર્યમાં મદદગાર બનશે તેઓ જ આ સુખના હકદાર બનશે અને તેઓ જ આ વિષય સાગરથી પાર નવી દુનિયામાં જાય છે.

## આત્મવિશ્વાસ સાથે દૃઢ નિશ્ચય જરૂરી

એક સમયની વાત છે. સીમા પર યુદ્ધની તૈયારીઓ ચાલી રહી હતી. બધી સેનાઓ પોત પોતાના પોસ્ટ બંકરમાં જલદીથી પહોંચી રહ્યા હતા. એક જનરલ જેઓ પરમવીર અને બહાદુર હતા એમને વીરતા માટે કેટલાયે પુરસ્કારો મળ્યા હતા. તેઓ પોતાની ટુકડી લઈને સીમા પર કૂચ કરી રહ્યા હતા. એમને એ અનુભૂતિ થઈ કે પોતાની સેનાનું મનોબળ ઓછું છે. જનરલ

પોતાની સૈન્ય ટુકડીને તેનું કારણ પૂછ્યું પરંતુ જવાનોએ કારણ બતાવ્યું નહીં. કેટલાક સમય પછી જનરલ એક સ્થાન પર થોભી જવાની સલાહ આપતા હતા. ત્યાં છાવણી બનાવવામાં આવે છે. પડાવ નાંખવામાં આવે છે. થોડા સમયના વિશ્રામ પછી જનરલે ઓછા મનોબળ વિશે પૂછ્યું. જનરલે કહ્યું કે તમારામાં આત્મબળનો, મનોબળનો અભાવ જોવા મળે છે. કેટલાક સૈનિકોએ ધીમા સ્વરમાં કહ્યું કે આપણે સંખ્યામાં થોડા છીએ જ્યારે દુશ્મન પાસે વધારે સૈનિકો છે. આ પછી જનરલે કંઈ કહ્યું નહીં. સૌને વિશ્રામ કરીને તૈયાર રહેવાનું કહ્યું. કેટલાક સમયના વિશ્રામ પછી જ્યારે ચાલવાની તૈયારી થઈ તો જનરલે પોતાના જવાનોને સંબોધન કર્યું. મારા બહાદુર સૈનિકો છો, આપ એ દેશના સૈનિકો છો જ્યાંના એક એક યોદ્ધા દુશ્મનના સવા લાખ સૈનિકોને ભારે પડતા હતા. મને ગર્વ છે કે આપણે સૌ એ માના વીર સપૂતો છીએ. મને વિશ્વાસ જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે વિજય આપણો જ થશે. આવું કહીને જનરલે ભારત માતાના નારા બોલાવ્યા. જનરલે દૂર પહાડી નીચે જોઈને કહ્યું કે બીજી ટુકડીઓ આપણી સહાયતા માટે આવી રહી છે. આટલું સાંભળીને સૌ સૈનિકોનું મનોબળ વધી ગયું. એમની તાકાત દસ ગણી વધી ગઈ. સર્વ સૈનિકો જોશીલા સ્વરમાં જયઘોષ કરતા સીમાની તરફ આગળ વધી રહ્યા હતા. સૈનિકોના મુખ પર જે ઢીલાપણું આવી ગયું હતું તે હવે દૂર થઈ ગયું. એમનો ચહેરો તેજ અને લાલિમાથી ચમકી રહ્યો હતો. યુધ્ધમાં સૈનિકોએ બહાદુરી, આત્મવિશ્વાસ અને ધૈર્યથી દુશ્મનોને હરાવી દીધા.

**શીખ -** આત્મવિશ્વસ અને દૃઢ નિશ્ચયથી અસંભવ પણ સંભવ બની જાય છે.

## પૈસાની બચત

એક વખતની વાત છે. સીમા નામની એક મહિલા હતી. એની સાસુ હતી જેનું નામ રમા હતું. જે બહુ પૈસા વાપરતી હતી. સીમા બચત પર જોર આપતી હતી. એની સાસુ કોઈ બચત કરતી નહોતી અને નકામો ખર્ચ કરતી હતી.

એકવાર સીમાએ એની સાસુને કેટલાક રૂપિયા આપ્યા જે બીજા દિવસે બેંકમાં ભરવાના હતા. એ પૈસાથી સાસુ પોતાના માટે નવા કપડાં ખરીદીને આવી.

બીજા દિવસે સીમાએ પૈસા માગ્યા તો સાસુએ કહ્યું તે પૈસા મેં વાપરી નાંખ્યા છે. એણે સીમાને કહ્યું બચત કરવાની કંઈ જરૂર નથી. જિંદગીને સારી રીતે જીવવી જોઈએ. સીમા પોતાની સાસુને નકામી લાઈટો બાળવા માટે ના પાડતી હતી. જે એની સાસુને બિલકુલ પસંદ નહોતું. સીમાએ સાસુના રૂમનો બલ્બ બદલી દીધો.

સાસુએ આ માટેનું કારણ પૂછ્યું તો સીમાએ કહ્યું હવે ગમે તેટલી લાઈટ કરજો. એક દિવસ સીમાની સાસુને ભજિયાં ખાવાની ઈચ્છા થઈ. એણે સીમાને પૈસા આપ્યા અને કહ્યું રાજુ હલવાઈની દુકાનથી ભજિયાં લઈ આવ.

કેટલાક સમયથી સીમા સાસુને ભજિયાં લાવીને આપતી હતી. જે એને ઘણાં ગમતાં હતાં. આ રીતે દિવસો વહી રહ્યા હતા. સીમાએ સાસુને વ્યર્થ ખર્ચ કરવા બદલ ટોકવાનું બંધ કરી દીધું હતું. એક વખત સીમાની સાસુ બીમાર પડી.

એને જ્યારે હોસ્પિટલમાં દાખલ કરી તો ડોક્ટરે મોટી બીમારી બતાવીને કહ્યું કે શહેરમાં જઈને મોટા ડોક્ટરને બતાવો. જ્યારે સીમાના પતિએ ડોક્ટરને ખર્ચ વિશે પૂછ્યું તો ડોક્ટરેબે લાખ બતાવ્યા.

**(અનુસંધાન પેજ નં. 10 પર)**

# ચાલો બનીએ મૃત્યુંજય

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

એક ફિલ્મનું ગીત યાદ આવે છે ---

**'દુનિયા સે જાને વાલે જાને ચલે જાતે હૈ કહા,**
**કૈસે ઢૂંઢે ઉન્હે નહિ કોઈ કદમો કે નિશાન'.**

મૃત્યુ પછી શું? મનુષ્યના જીવનમાં અગર કોઈ મોટો ડર હોય તો તે મૃત્યુનો ડર છે. મારા પછી મારા કુટુંબનું શું થશે? આ પ્રશ્ન માણસને સતત કોરી ખાતો હોય છે. માતાઓને પોતાના બાળકના ઉછેરની તથા ભવિષ્યની ચિંતા સતાવે છે. મૃત્યુંજય કેવી રીતે બનવું? મૃત્યુ પર વિજય મેળવવા, ચાલો આપણે મૃત્યુને સરળ અર્થમાં સમજીએ.

સમય રૂપી સરિતાના નીર નિરંતર વહ્યા જ કરે છે, જેમાં આપણા અનેક જન્મ થાય છે. દરેક જન્મમાં આપણા માતા-પિતા, ભાઈ-બહેન, પતિ-પત્ની, સગા-સબંધીઓ સર્વે બદલાઈ જાય છે. મૃત્યુ થતાં બંગલો તો એ જ રહે છે પણ નેમ પ્લેટ બદલાઈ જાય છે. જમીન મિલ્કતના દસ્તાવેજોમાં માલિકીના નામ પણ બદલાઈ જાય છે.

એક પરમાત્મા સિવાય કોઈપણ આત્મા સાથે આપણો સ્થાયી સંબંધ હોતો નથી. જીવ આત્માથી મોહને કારણે જ આપણે શોક કરીએ છીએ, જેમા આપણો સ્વાર્થ સમાયેલો હોય છે. સમય આવતા, દરેકને સંબંધ તોડીને જવું જ પડે છે અને થોડા જ સમયમાં આપણે તેને ભૂલી પણ જઈએ છીએ. અજ્ઞાનતા વશ શરીરના અંતનો આપણે શોક મનાવી રડતા રહીએ છીએ.

વાસ્તવમાં દિવંગત આત્માના ગુણ અને આદર્શોને આપણે જીવનમાં અપનાવવા જોઈએ, રડવાથી તો ગયેલા આત્માને પણ દુઃખ થાય છે. અનંતકાળથી આપણે અનેક મિત્ર સંબંધીઓના મૃત્યુ પ્રસંગોને જોતા આવ્યા છીએ, છતાં આપણે તેને સહજ સ્વીકારી શકતા નથી. વિશેષ કરીને જ્યારે કોઈ નજીકના સંબંધીનું અચાનક નાની ઉંમરે, અકસ્માત કે ગંભીર રોગથી મૃત્યુ થાય છે ત્યારે. વાસ્તવમાં તે આત્માના કર્મફળ અનુસાર મૃત્યુ થતુ હોય છે. પણ આપણે પરમાત્માને દોષી ઠેરવીને નિષ્ઠુર કે કઠોર કહીએ છીએ. બધા જ આત્માઓ પોતાના કર્મ ફળ અનુસાર વધારેમાં વધારે 84 શરીર ધારણ કરે છે અને કર્મ ફળને ભોગવે છે. જો આપણને યાદ રહે કે આ ભૌતિક શરીરનું મૃત્યુ ગમે તે સમયે થઈ શકે છે તો આપણા દરેક સંબંધ મીઠા અને મધુર રહેશે અને મૃત્યુ પ્રસંગે અનાવશ્યક શોક થશે નહીં.

દરેક જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચિત છે, સૃષ્ટિ ચક્રનુ આ અભિન્ન અંગ છે. જો મૃત્યુ જ ન હોય અને ફક્ત જન્મ જ હોય તો આ સૃષ્ટિ ઉપર ઊભા રહેવાની પણ જગ્યા ન મળે. મૃત્યુ જ ના હોય તો વર્ષોના વર્ષો સુધી રોગી, અશાંત અને દુઃખી જ રહીએ, બધું જ થંભી જાય. પુરુષાર્થ, ભક્તિ, આધ્યાત્મિકતાનું તો કંઈ મહત્વ જ ના રહે. ચારે બાજુ અરાજકતા પ્રસરી જાય, માટે જ મૃત્યુ સર્વથા સ્વાગત યોગ્ય છે. આપણે રડીને સ્વર્ગસ્થ આત્માના મૃત્યુને બગાડવું ન જોઈએ.

સૃષ્ટિ નાટકના આપણે સૌ નટ એટલે કે એક્ટર છીએ. ભિન્ન-ભિન્ન રોલ કરી આપણે ભાવિ જીવનને સુધારીએ છીએ. મૃત્યુ જ આપણને સારા કર્મ કરવાનો અવસર આપે છે. સંસ્કાર, ગુણ, પાપ, પુણ્ય વગેરે જન્મ દર જન્મ આત્માની સાથે જ યાત્રા કરે છે. સારા શ્રેષ્ઠ કલ્યાણકારી કર્મ

સુખ અને બુરા કર્મ દુઃખ આપે છે. આત્મા કોમ્પ્યુટર ચીપની જેમ છે, જેમા અનેક જન્મના રોલ, કર્મફળ અનુસાર અંકિત થયેલા હોય છે. આત્મા પૂર્વ લિખીત સ્ક્રીપ્ટને જ અનુસરે છે, તેમાં પરમાત્મા પણ હસ્તક્ષેપ કરી શકતા નથી. આત્મા જ પોતાનું ભાગ્ય સ્વયં લખે છે.

મૃત્યુ એક જીવનનો અંત છે. દરેક પ્રાણી જીવ અને આત્માના સંયોગથી બનેલ છે. જીવ પાંચ તત્વોના બનેલા શરીરને કહેવામાં આવે છે, જ્યારે કર્મેન્દ્રિયોથી કર્મ કરનાર શરીરને ચલાવનાર, ચૈતન્ય તત્વને આત્મા કહેવામાં આવે છે. આત્માના શરીર અર્થાત જીવથી અલગ થવાના પ્રસંગે જ મૃત્યુ કહેવામાં આવે છે. ઘણીવાર આપણે સાંભળીએ છીએ કે ફલાણાભાઈ ગયા, પણ એમનું શરીર તો અહીં જ પડ્યું હોય છે તો ગયું કોણ? વાસ્તવમાં આત્મા જ કહીશું, મૃત્યુ શાશ્વત છે. બે જીવન વચ્ચેનો સેતુ છે. જન્મ લેનાર દરેકનું મૃત્યુ નિશ્ચિત છે પછી ભલેને તે દેવાત્મા હોય, મહાત્મા હોય કે ધર્માત્મા હોય. મૃત્યુ સ્વાગત યોગ્ય છે, કારણ કે જૂના જીર્ણ થયેલા, ઘસાઈ ગયેલા અંગોને સ્થાને નવા અંગો સાથે નવું શરીર આપણને કર્મ કરવા માટે મળે છે અને શ્રેષ્ઠ કર્મ દ્વારા જ આત્મા શ્રેષ્ઠ ભાગ્ય બનાવે છે. મૃત્યુ ફક્ત જીવાત્માના અસ્થાયી ચોલાનું જ થાય છે, સ્થાયી આત્માનું નહીં, આત્મા તો અજર અમર અવિનાશી છે. જે પોતાની સાથે પુણ્ય, દિવ્ય ગુણ, અનુભવ, શ્રેષ્ઠ કર્મનું ભાથુ, સંસ્કાર વગેરે સાથે લઈને બીજા જન્મમાં જાય છે. જ્યારે વિનાશી શરીરને અગ્નિદાહ કે સમાધિ દ્વારા પાંચ તત્વોને પાછું સોંપી દેવામાં આવે છે. શરીર અને આત્મા એકબીજાના પૂરક છે. આત્મા વગર શરીર કોઈ કર્મ કરી શકતું નથી, તેને મડદું કે શબ કહેવાય છે. જ્યારે આત્મા પણ શરીર વગર કોઈ કર્મ કરી શકતો નથી, શરીર વગર તેને પ્રેત આત્મા કહેવામાં આવે છે. આત્માના પ્રવેશ પહેલા પણ શરીર એક પિંડ જ હોય છે અને આત્મા નીકળી ગયા પછી પણ તે જડ બની જાય છે, જેને મૃત્યુ તરીકે ઓળખવામાં આવે છે. આત્મ ચૈતન્ય સ્વરૂપ છે, જે એક જન્મના કાર્મિક હિસાબો ચૂકતું કરી બીજા કાર્મિક સંબંધોના હિસાબ પૂર્તિ માટે આગળના જન્મમાં નવો નિવાસસ્થાન બનાવે છે.

આમ પૂરો ખેલ આત્માનો જ છે, શરીર તો માત્ર આત્માના નિર્દેશોનું પાલન કરે છે. આમ આત્મા જ વિકારી કે નિર્વિકારી, દેવ આત્મા કે દુષ્ટ આત્મા, પાપ આત્મા કે પૂણ્ય આત્મા બને છે. કારણ કે કર્મેન્દ્રિયો આત્મા દ્વારા જ સંચાલિત થાય છે, માટે કર્મનું ફળ પણ આત્મા જ ભોગવે છે. મનુષ્ય જન્મ પ્રસંગે ખુશ થાય છે અને મૃત્યુ પ્રસંગે દુઃખી થાય છે, પરંતુ બંને સ્થિતિ સામાન્ય ક્રિયાઓ છે જે સુનિશ્ચિત છે, જેને કોઈપણ બદલી શકતા નથી. સનાતન ધર્મના 16 સંસ્કારમાંનો મૃત્યુ એ અંતિમ સંસ્કાર છે. બીજા સંસ્કારોને હર્ષોલ્લાસથી ઉજવવામાં આવે છે તેમ અંતિમ સંસ્કારને પણ સૌમ્યતાથી મનાવવો જોઈએ. આપણને છોડીને ગયેલા આત્માનો ધન્યવાદ અને આભાર માનવો જોઈએ, જેણે અનેક વર્ષો સુધી આપણને સુખ-દુઃખમાં સાથ આપ્યો, આપણા માટે પોતાનું જીવન વ્યતીત કર્યું અને પોતાનુ કર્તવ્ય નિભાવ્યું.

આત્મા શરીર રૂપી ઘર છોડતા જ ડ્રેસ અને એડ્રેસ બધું જ બદલાઈ જાય છે. મૃત્યુ જે ઘરમાં થાય ત્યાં માતમ જોવા મળે છે અને તે આત્મા જ્યાં જન્મ લે છે ત્યાં ખુશીનો માહોલ હોય છે, જેવી રીતે આથમતો સૂર્ય પૃથ્વીની બીજી બાજુએ રોશની આપે છે. શરીર આત્મા પંછીનું થોડા સમયનું આશ્રય સ્થાન છે. મૃત્યુ પૂર્ણ વિરામ નથી, અલ્પવિરામ છે. મૃત્યુ વગર નોટિસે જ આવે છે,

જેમાં આપણી અરજી કે મરજી ચાલતી નથી. સમય આવે તે એક ક્ષણ પણ થોભતું નથી. મૃત્યુ જીવનનો વિશ્રામ સ્થાન છે, જંકશન સ્ટેશન છે, પરિવર્તન મહોત્સવ છે. આપણે ટિકિટ છે ત્યાં સુધી મુસાફરી કરીએ છીએ, પછી ઉતરવાની તૈયારી કરવી પડે છે.

હિન્દી ફિલ્મનું એક ગીત છે ---

**'આદમી મુસાફિર હૈ, આતા હૈ જાતા હૈ,**

**આતે જાતે રાસ્તે મે યાદે છોડ જાતા હૈ'.**

જ્યારે આપણે મુસાફરી કરીએ છીએ ત્યારે ઉતરવાનું સ્ટેશન આવે તે પહેલાં જ સામાન પેક કરી સામાન લઈ દરવાજા પાસે આવીને ઉતરવા તૈયાર રહીએ છીએ. ઉતરવાનું સ્ટેશન આવતા જ દરેક મુસાફરને ઉતરવું જ પડે છે. ઘણીવાર મુસાફરીમાં એટલા સારા મુસાફરોનો સાથ મળે છે કે સાથ છોડવાનું મન થતું નથી, છતાંય સાથ છોડવો જ પડે છે. શું આપણે આપણા જીવનની મુસાફરીના સાથીઓનો સાથ છોડવાની અને સ્ટેશને ઉતરવાની તૈયારી કરી લીધી છે? ઘણીવાર મુસાફરીમાં આપણને અણગમતા વિકારી, વ્યસની મુસાફર બાજુમાં આવી બેસી જાય છે, તેને થોડા સમય માટે આપણે નિભાવી લેવું પડે છે. જીવનની મુસાફરીમાં પણ સ્નેહી જવાથી દુ:ખી ના થઈએ તેમની ટિકિટ પૂરી થઈ ગઈ છે. આપણી ટિકિટ પણ પૂરી થતાં આપણે પણ ઉતરવું જ પડશે, આપણે ફક્ત મુસાફરીનો આનંદ લેવાનો છે. જીવનની મુસાફરીમાં ભગવાને સૌને રિટર્ન ટિકિટ આપીને જ મોકલ્યા છે પણ આ ટિકિટમાં કઈ તારીખે અને કેટલા વાગે રિટર્ન થવાનું છે તે ક્યાંય લખેલું નથી.

આ શરીર પણ ભાડાનું મકાન છે, જેને ખાલી કરવું જ પડે છે. જુના જીર્ણ વસ્ત્રને ત્યજી દઈએ છીએ તેમ જૂના વૃદ્ધ શરીરરૂપી આત્માના વસ્ત્રને પણ છોડી નવા શરીર રૂપી વસ્ત્રને ધારણ કરીએ છીએ. નવા વસ્ત્રની ખુશી હોય છે, માટે દુ:ખી થવાનું નથી. નાટકમાં રાજાનો રોલ કર્યો હોય તો નાટક પૂરું થયા પછી રાજાનો ડ્રેસ પાછો આપવો જ પડે છે. ગમે તેટલા લોખંડ કે પોલાદની દીવાલ બનાવીએ તો પણ આત્મા સમય આવે નીકળી જ જાય છે. માટે જ કોઈએ સાચું કહ્યું છે કે **'કોઈ આજ ગયા, કોઈ કલ ગયા, કોઈ જીવન દ્વાર ખડા, નહીં કાયમ મુકામ યહાં, ચીર કાલ સે યહી રિવાજ રહા'.**

**॥ ઓમશાંતિ ॥**

# તો સત્ય ક્યાં ?


**બ્ર. કુ. જૂનાગઢ**

કલયુગને તે કહીએ શું? જરીકે નવ ચૂકિયો,
પાંચ પાંડવમાંથી માયાએ વાઢ મૂકિયો.
શિવના પાંચ પુત્રોએ હેમાળે હાડ ગાળિયાં,
રહ્યા'તા ધર્મ છેવાડે, હવે આગળ આવ્યા.
છે મૃત્યુ તો પ્રકૃતિ જીવિત માત્રની,
એ સત્યે ઠરે મન ઘણું;
પણ વસંતે જો જીવ બળે, સંગમમાં ખરવાનું જેને,
તો સત્ય ક્યાં? જ્ઞાન કહીં, ધારણા ક્યાં?
મને યાદના બળે, વિતથ સૌખ્ય જેવાં કઠે,
આયાનાં સુખો ન રુચતાં,
યથા સમજ માંહી ઊતર્યાં અંદર.
યથાર્થ જ સુપથ્ય એક, સમજ્યાં જવું શક્ય જે,
અજાણ રમવું કશું નય! સમજવું જે સમજાય તે.

**॥ ઓમશાંતિ ॥**

# સંગમયુગી શહેજાદા - રાજયોગી નિર્વૈરભાઈજી

બ્ર.કુ. પાયલ, (ભોલી) ઉપલેટા



બ્રહ્મા તન મેં અવતરિત પરમાત્મા શિવ કો,
તુરંત લિયા પહેચાન,
ભારતીય નેવી મેં ફર્જ અદાયગી નિભાતે,
મિલા જીસ દિન પરમાત્મ જ્ઞાન,
યજ્ઞ કે મહા સચિવ,પરમાત્મા શોકેસ કે શોપીસ,
યા કહે અનમોલ ગહના,
આપ સે આદિ રત્નો કો દેખ દિલ કહે વાહ !
બાબા કી પાલના કા ક્યા કહેના !
દિલ કી શ્રદ્ધાંજલિ હૈ અર્પણ આપકો,
બાબા કે પ્યારે નિર્વેર શેર જી....

આપ કે હર કર્મો સે ફેલતી રહી,
વિશ્વ મેં દિવ્યગુણો કી ઈત્ર,
પરમાત્મા શિવ કી પહેચાન દેકર,
બનાયા સબકો સચ્ચા પ્રભુ મિત્ર,
બ્રહ્મા બાપ કે નકશે કદમ પર ચલ કર,
દિખાયા પવિત્રતા કા ચિત્ર,
આપકી મિશ્રી ઘુલી સરલ વાણી મેં,
ઉભરતે સાકાર સાથ કે ચરિત્ર,
ઉન અનુભવો કો સુન બ્રહ્મા વત્સોને,
યજ્ઞ ઈતિહાસ કી સૈર કી....
દિલ કી પુષ્પાંજલિ અર્પણ....

સંસ્થાન કી આદિ નીંવ ને સબકી,
જ્ઞાન કી નીંવ કો કિયા મજબૂત,
યોગ સે વિકર્મો કો દગ્ધ કરકે,
તપસ્વીમૂર્ત કા દિયા સબૂત,
સૂર્યમુખી,ચકોર યા ચાત્રક કી ભાંતી,
જો થે પ્રભુ મિલન કો આતુર,
સત્ય જ્ઞાન સુના પ્રભુ રત્નો કો ,
જ્ઞાનામૃત સે કિયા ભરપૂર,
એક ઝટકે સે છોડા પુરાના સબ કુછ,
ના જરા ભી દેર કી....
દિલ કી ભાવાંજલિ અર્પણ....

આપ-સી હર્ષિત મુખ આત્મા સે,
જો કોઈ ભી મિલતા એક દફા,
પ્યાર કી પાલના પાતા વો ફિર કભી,
ના રહેતા દિલશિકસ્ત યા ખફા,
નન્હે બચ્ચો કો દેતે નિર્વેર અંકલ,
ખુશીયો કા પ્યારા સા તોહફા,
બન રૂહાની ડોક્ટર મન કે મરીજો કો,
દેતે સચ્ચી અવિનાશી શફા,
નામ સરીખે ગુણ આપકે,
ના કિસી સે વૈર ના કોઈ ગૈર હી....
દિલ કી શુભાંજલિ અર્પણ....

બહુમુખી આધ્યાત્મિક પ્રતિભા કે ધની,
હોતે હુએ ભી ભ્રાતા શ્રી આપકી,
નમ્રતા,મધુરતા,નિર્માણતા સે સદા,
પ્રત્યક્ષ હુઆ આપકા બડપ્પન,
વૃક્ષપતિ કે ઈસ વિશાલ વૃક્ષ કે,
આદિ તના કે બારે મેં લિખના,
યે શાયદ કહેલાયેગા ઇસ નન્હી,
કલમ કા કોઈ ભોલાપન,
મહાન આત્માઓ કી છત્રછાયા દેકર,
સ્વયં ભગવાન ને હમ પર મહેર કી..
દિલ કી સ્મરણાંજલિ અર્પણ..

**॥ ઓમશાંતિ ॥**

# નિઃસ્વાર્થ સેવાધારી

બ્ર.કુ. લીલાબેન ચૌહાણ, કારેલીબાગ, વડોદરા

સેવાની બાબત માં બ્રાહ્મણ પરિવારમાં ઘણી વાર મનદુઃખ ઉભું થતું જોવા મળે છે. તો ચાલો એ કેટલે અંશે સાચુ છે કે ખોટું એ બાબાના મહાવાક્યો થકી આપણે નક્કી કરીએ. બાબા મુરલી માં કહે છે,

સ્વચિંતન નો અર્થ જ એ છે કે સ્વનું ચિંતન કરવું. એટલે કે પોતાનામાં શું ખામી છે એ શોધી એનું નિવારણ કરી પોતાનું પરિવર્તન કરવું. પછી કહેવાની જરૂર નથી કે ફાઇનલ પરિણામ માં સૌથી સારા અને સૌથી વધુ માર્કસ ધારણા સ્વરૂપ વ્યક્તિના જ હશે. સ્વાભાવિક રીતે જે ધારણા સ્વરૂપ હોય એ નેચરલ યોગી પણ હોવાનો જ. સેવાનો એક માર્ક હોય તો ધારણા સ્વરૂપવાળા ને દસ માર્કસ મળે એ નક્કી જ છે. કદાચ તમે જ્ઞાન આપી ન શકો પણ ધારણા થકી તમારું વ્યક્તિત્વ પ્રભાવશાળી હશે તો સેવાનાં માર્કસ તમારા ખાતામાં નક્કી જમા થવાના જ છે. કેટલાકને એવું લાગતું હોય છે કે આજકાલ અમને સેવાનો ચાન્સ નહિવત મળે છે. બધાને ચાન્સ મળે છે તો મને કેમ નહિ? સેવામાં વ્યસ્ત રહેવું સારી વાત છે કેમ કે એટલો સમય બુદ્ધિ બિઝી રહેવાથી વ્યર્થ વિચારો નથી આવતાં.

ધારો કે તમને સેવાની તક ન મળી અને તમારી અવસ્થા સ્થિર નથી તો બીજાની સેવા કરવાને બદલે તમે પોતે જ હલચલમાં આવી જાઓ તો શું એને સેવા કહેવાય? આવી સેવાનું ફળ શું હોઈ શકે? પ્રેમથી, સાચા દિલથી, સૌના આશીર્વાદથી સેવા કરી હશે તો જ ખુશી મળશે. સેવાનાં મામલે બહુ ફિલિંગમાં ના આવવું. ફિલિંગ નો અર્થ બ્રાહ્મણોની ભાષામાં ફ્લૂ થાય છે. ફ્લૂ થી ગ્રસિત વ્યક્તિ સૂઈ રહેશે, જમશે પણ નહિ અને ઊંઘ્યા જ કરશે. દૈવી પરિવારમાં પણ કોઈ ફિલીંગમાં આવી જાય છે તો શું કરે છે? રિસાઈને બેસી જાય છે.

સેવાનાં પણ બે પ્રકાર છે. એક કલ્યાણકારી ભાવનાથી સેવા અને બીજી સ્વાર્થ ભાવથી કરેલી સેવા. મારો સમાચાર પત્રમાં ફોટો છપાશે, બ્રાહ્મણોમાં મારું નામ થઈ જશે, હું ટી વી મા ચમકી જઈશ, ટીચર મને દરેક વાતમાં આગળ રાખશે આ બધી સ્વાર્થ ભાવના છે. પ્રત્યક્ષતા ના હિસાબે તો હજી ઘણી સેવાઓ બાકી છે, તમારે શોધવા જવાની જરૂર નથી, સેવા સ્વયમ્ તમારી પાસે સામેથી આવશે. બાપ દાદા કહે છે ધારો કે સાચા સેવાધારી હોવા છતાં તમને સેવાનો ચાન્સ ન મળ્યો હોય તો તમારા ચહેરા અને ચાલ ચલન થકી સેવા કરો. તમારો ચહેરો જ બાબા નો સાક્ષાત્કાર કરાવે અને સૌને બાબાની યાદ અપાવે. નંબર વન સેવા એને જ કહેવાય.

મને સેવાનો ચાંન્સ કેમ ન મળ્યો એ સંકલ્પને પણ સ્વાર્થ યુક્ત વિચાર કહી શકાય. બ્રાહ્મણ પરિવારમાં તમે નામિગ્રામી ના હો, સેવાધારી સારા છો છતાં તમારું નામ સેવાધારી ના લિસ્ટમાં નથી તો શું થયું? બાબાના લિસ્ટમાં તો નામ છે ને? બાબાના દિલમાં તમારું નામ કોતરાયેલું હોય પછી શું જોઈયે? ફાઇનલ પરિણામમાં તમારુ નામ મોખરે હશે. બાબાનો હિસાબ પાક્કો હોય છે. ચાન્સ ના મળ્યો, તમે સાચા. પણ ચાન્સ ના મળ્યો એ પણ બાબાના હિસાબમાં નોધેલું હોયછે. જો ભૂલે ચૂકે માંગીને ચાન્સ લીધો હોય, સેવા પણ કરી

(અનુસંધાન પેજ નં. 22 પર)

# તનાવમુક્ત જીવન... એ જ સાચુ જીવન...

બ્ર.કુ. કનુભાઇ એચ.પટેલ, ગોધરા

આજે દુનિયામાં જુઓ તો નાના બાળકથી લઈને ઘરડા વ્યક્તિ સુધી દરેકને તનાવની મહેસૂસતા થઈ રહી છે. જેના કારણે તાજેતરના વર્ષોમાં જુઓ તો નાની ઉંમરે હૃદયરોગના હુમલા થવા લાગ્યા છે. અકાળ મૃત્યુના બનાવો વધવા લાગ્યા છે. કામમાં એકાગ્રતા ઘટતી જાય છે, સાચી ખુશી દિન પ્રતિદિન અદ્રશ્ય થતી જાય છે. આનંદ, પ્રેમ, સુખ, શાન્તિ, આત્મિયતા વગેરે જાણે કે સ્વપ્ન બનતું જાય છે તેવો આભાસ પ્રત્યેક માનવ કરી રહેલ છે. તો આ તનાવ સાચા અર્થમાં શું છે ? તેનું નિયંત્રણ કેવી રીતે કરી શકાય? જીવનને ભરપૂર ખુશીથી કેવી રીતે માણી શકાય? કાર્યક્ષમતામાં વધારો કેવી રીતે કરી શકાય ?

ઉપરોક્ત સમગ્ર બાબતોનો ઉકેલ મળે તો જીવન નંદનવન બની જાય.

### તનાવ પેદા થવાનાં મુખ્ય કારણો

- વધારે પડતી અપેક્ષાઓ.
- પોતાની ઇચ્છા મુજબ કાર્ય ન થાય.
- કાર્ય સ્થળ ઉપર કામગીરીનું પ્રેસર - વર્કલોડ
- આપણે ધારીએ તેમ સામેની વ્યક્તિ ન કરે.
- કામના પ્રમાણમાં ઓછું વળતર.
- વધુ પડતી દલીલો.
- ઉપરી અધિકારી સાથે તોછડો વહેવાર
- નકારાત્મક વલણ ( Negative Attitude )
- આત્મિયતાનો અભાવ.

### તનાવ દૂર કરવા માટેના ઉપાયો

- અપેક્ષાઓ ઓછી કરી દો.
- ઈચ્છા માત્રમ અવિદ્યા.
- સકારાત્મક ચિંતન કરો.
- આત્મિયતાયુકત વ્યવહાર કરો.
- ફુલસ્ટોપ લગાવતાં શીખી જાઓ.
- દરેક સાથે એડજસ્ટ થવાનું નક્કી કરો.
- બધું જ હું કહું તેમ બધા કરે તે વાત ઉપર ચોકડી મારી દો.
- નાના મોટા સર્વનું માન જાળવો.
- બને તેટલી દલીલો ઓછી કરો.
- સમાધાન માટે હર-હંમેશ તૈયાર રહો.
- ક્ષમા કરી દો, માફી માંગી લો.
- સ્થાન બદલો પણ સ્થિતિને બગાડશો નહિ.
- પોતાના ગમે તેટલા વ્યસ્ત નિશ્ચિત સમયમાંથી વહેલી સવારે અડધો કલાક રાજયોગ મેડીટેશન માટે ફાળવો.
- પોતાને આ શરીરથી અલગ જયોતિ બિંદુ આત્મા સમજીને પરમપિતા શિવપરમાત્મા સાથે મનનો તાર જોડી દો.
- પરમાત્મા સાથેનું માનસિક જોડાણ અને બૌદ્ધિક જોડાણ જ તનાવમુકત જીવનનો આધાર છે.
- દરરોજ સવારે ઉઠીને પહેલો સંકલ્પ કરો કે હું માસ્ટર સર્વશક્તિવાન છું, વિઘ્ન વિનાશક છું, સફલતામૂર્ત છું.
- બીજાને ઉપયોગી થઇને જ મારા જીવનનું ઘડતર કરીશ.
- ભૂતકાળ - ભવિષ્યકાળ છોડીને વર્તમાનમાં જીવો.
- નકામા વ્યર્થ વિચારોને બદલે આવશ્યક વિચારોને જ સ્થાન આપો.
- ચિંતાઓ - કામનો બીજો ભગવાનને સાચા દિલથી સોંપી દો અને હલકા બની જાઓ.

**॥ ઓમશાંતિ ॥**

# વર્ષ 2025 જ્ઞાનામૃતના સભ્યો માટે વિશેષ સૂચના

બ્ર.કુ. નંદિનીબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોના નિમિત ઇન્ચાર્જ બહેનો, સેવાસાથી બહેનો, બ્રહ્માકુમાર ભાઈઓ-બહેનો તથા સૌ પ્યારાં સ્નેહી વાંચકમિત્રો,

આપ મંગળ કુશળ હશો તેવી શુભ આશા છે. જાન્યુઆરી 2025થી ગુજરાતી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થશે.

**આપને વિનંતી કે, નવા વર્ષ 2025 માટે આપના સેવાકેન્દ્રોની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા જેમ બને તેમ જલ્દીથી**

**તારીખ ૩૦, નવેમ્બર ૨૦૨૪ પહેલા**
**જ્ઞાનામૃત કાર્યાલય - સુખશાંતિ ભવન,**
**બ્ર.કુ. નંદિનીબેનને જ્ઞાનામૃતના**
**Email - gyanamrit.guj@gmail.com**
અથવા
**વ્હોટસએપ નંબર +91 94267 08448**

દ્વારા ખાસ લેખિતમાં જાણ કરશોજી. જ્ઞાનામૃતનું લવાજમ યથાવત જ રાખેલ છે. જાન્યુઆરી 2025નો અંક ખૂબ એડવાન્સમાં તૈયાર કરી પ્રિન્ટીંગ માટે પ્રેસમાં ડિસેમ્બર 2024માં આપવાનો હોય છે. આપ સૌની અથાક મહેનત, પરિશ્રમ અને સહકારથી જ્ઞાનામૃતના અંકોની સંખ્યા અમને 30 નવેમ્બર સુધીમાં એડવાન્સમાં મળી જશે તેવી આશા છે.

આપ નિમિત બહેનોને વિનંતી, આપના ક્લાસના સૌ ભાઈ-બહેનોમાં ખૂબ ઉમંગ-ઉત્સાહ ભરી બાબાનો સંદેશ આપવા બીજા નવા સભ્યો બનાવવાનું જરૂર લક્ષ્ય રાખી અન્યને પણ લક્ષ્ય અપાવશો. સેવાકેન્દ્ર તથા ગીતાપાઠશાળાના એક-એક બી.કે. પરિવારના ઘરે બાબાનું ગુજરાતી જ્ઞાનામૃત મેગેઝીન અવશ્ય હોવું જ જોઈએ. તેવા હેતુથી જૂના મેમ્બરોને પણ ચાલુ રાખી, બીજા નવા સભ્યો પણ બનાવશો. જ્ઞાનદાન કરી ભાગ્ય બનાવવાનો આ સુંદર ચાન્સને લેશોજી. દરેક બાબાના બાળકો પોતે જરૂર સભ્ય બનીને અંક વાંચીને તે અંક બીજાને વાંચવા આપીને દર મહીને જુદા-જુદા લોકોની સેવા કરવાનો અવસર લો, તેમ પ્રેરણા જરૂર આપશો. તમે સભ્ય બની 1 વર્ષમાં 12 અંક દ્વારા અલગ-અલગ 12 પરિવારો, પાડોશી, સ્નેહીજનોની સેવા થશે. બીજા નોન-બીકે ભાઈ-બહેનો, મિત્રો, વેપારીઓ, ઓફીસના અધિકારીયો, સમાજસેવી સંસ્થાઓ, મહિલા મંડળ, શાળા - કોલેજ, લાઈબ્રેરીવાળાને પણ જરૂરથી સભ્યો બનાવવાનું લક્ષ્ય ભાઈ-બહેનોને આપશો. સૌ વાંચકમિત્રોને પણ સાદર વિનંતી કે, તમે પણ બીજા નવા સભ્યો જરૂર બનાવશો.

જ્ઞાનામૃત સંપાદન, ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગનું કામ ખૂબ નિયમિત રીતે ચાલે છે. મેગેઝીન પહોચાડવા માટે ટ્રાન્સપોર્ટ અને ટપાલ ખાતાની નિયમિત સેવાઓ પણ મળે છે. જેથી આપને રેગ્યુલર જ્ઞાનામૃત મોકલી રહ્યાં છીએ. આપને સમયસર, સારી સ્થિતિમાં અંકો મળી જતાં જ હશે તેવી જ્ઞાનામૃત ટીમને આશા છે. છતાં પણ જ્ઞાનામૃત બાબતે કોઈ પણ તકલીફ હોય, કોઈ સૂચન કે કોઈ વાત ધ્યાન પર આપવા જેવી લાગે તો તમે નિ:સંકોચ સીધો સંપર્ક કરશો. મેગેઝીનના અંકો આપની અનુકુળતા પ્રમાણે સેવાકેન્દ્ર ઉપર અથવા જે તે સભ્યોને સીધા તેમના ઘરે ટપાલથી મોકલી શકાય તેવું પણ આયોજન છે.

**આપ સૌને જણાવવાનું કે જ્ઞાનામૃત ઈ-કોપી બી.કે. મેગેઝીનની વેબસાઈટ, જીઓ એપ્લીકેશન ઉપર પણ ઉપલબ્ધ છે.**

આભાર માટે : સમગ્ર વર્ષ દરમિયાન આપ સર્વ નિમિત ટીચર્સ બહેનો, સર્વ નાની મોટી સાથી બહેનો, જ્ઞાનામૃતના સૌ વર્તમાનના સભ્યો, જ્ઞાનામૃત માટે દરેક સેવાકેન્દ્ર પર નવા સભ્યો બનાવવા, યાદી તૈયાર કરવી, ટ્રાન્સપોર્ટમાંથી લાવવા તેને ક્લાસમાં, ગીતા પાઠશાળામાં, શહેર-ગામમાં બીજા નોન બી.કે. સભ્યોને આપવા જવાની સેવા પૂરી પાડનાર, સમ્રગ વર્ષ દરમિયાન લેખ-અનુભવ લખી નિયમિત મોકલવા, સેવાકેન્દ્રો દ્વારા થતી દરેક સેવાના ફોટા પાડવા અને સમાચાર સાથે સમયસર મોકલવા જેવી ઘણી સેવાઓમાં આપ સૌ કોઈનો દરેક કાર્યમાં ખૂબ-ખૂબ સાથ, સહકાર અને સપોર્ટ જ્ઞાનામૃતને મળતો આવ્યો છે. તે બદલ સંપાદક અને સમગ્ર જ્ઞાનામૃત ટીમ આપનો અંતકરણ પૂર્વક આભાર માને છે. અમે આપના ઋણી છે. છેલ્લા ૫૩ વર્ષથી બાબાની આ સેવાઓ અવિરત ચાલી રહી છે, અને ભવિષ્યમાં પણ આપણે સૌ સાથે મળીને જ્ઞાનામૃતની સેવાઓને આગળ વધારી, ચાલુ રાખી, વધુ અને વધુ સેવાઓને આગળ ધપાવતા રહીએ, તેવી આભ્યર્થના સાથે જ્ઞાનામૃત ટીમ આપ સૌ નામી-અનામીનો અંતકરણ પૂર્વક દિલથી ખુબ-ખુબ આભાર માને છે.

**તો સમયસર આપની નવા વર્ષની સંખ્યા અમને મળી જશે તેવી શુભ આશા અને પૂર્ણ વિશ્વાસ છે. આભાર સહ.**

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 15નું અનુસંધાન)... નમ્રતા

કાલિદાસ ને પોતાની ભૂલ સમજમાં આવી ગઈ . પછી તે પાણી પીને સંતુષ્ટ બની આગળ ચાલી નીકળ્યા. એટલે જ કહેવાયું કે જ્ઞાનનું અભિમાન એ પણ અજ્ઞાનતા છે. સત્ય જ્ઞાન એ એક એવી ઉપલબ્ધિ છે કે જ્ઞાનવાન વ્યક્તિમાં નમ્રતા આપોઆપ આવી જાય છે. એટલે જ કહેવાય છે કે **નમ્યા એ ભગવાનને ગમ્યા.** જ્ઞાનનો સદુપયોગ કરવાથી જીવન સાર્થક થાય છે અને જ્ઞાની આત્મા ઉપર ઈશ્વર પણ રાજી થાય છે અર્થાત્ મહેરબાન થાય છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 14નું અનુસંધાન)... એક ફરિશ્તાની

કિનારે ઊભા રહીએ ત્યારે કિનારો નથી જોઈ શકતા, તેવી જ રીતે ભાઈજીનાં વિચાર, વાણી અને વ્યવહારમાં માત્ર પ્રેમ જ પ્રેમ દેખાય છે. સાચું પૂછો તો તેમને રંગ-રૂપ, જાતિ-પ્રદેશ, ભાષાભેદ સાથે કોઈ દૂર-દૂરનો નાતો નોતો, નોતો ઈર્ષ્યા-નફરત, દ્વેષ-ઘૃણા, વેર-વિરોધ સાથે કોઈ સંબંધ, ભ્રાતા નિર્વૈરભાઈ તો હતા પ્રભુ-પ્રેમનો સંદેશ આપનાર એક મુક્ત ફરિશ્તા... અને આવા દિવ્ય ફરિશ્તા ભ્રાતા નિર્વૈરજી 19 સપ્ટેમ્બર 2024 સત્‌ગુરૂવારના શુભ દિવસે પરમસદગુરૂના દિલ-દરબારમાં હંમેશ માટે સમાઈ ગયા... ભાઈજીને મારા હૃદય, આત્મિક પ્રેમભાવથી ભાવભીની શ્રધ્ધાંજલી, કોટી કોટી નમન...

॥ ઓમશાંતિ ॥

અનુવાદ : બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.


Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં સપ્ટેમ્બર – ૨૦૨૪ માસની શબ્દાવલી ભાગ – ૪૬ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ – ૪૭ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઊભી ચાવીઓ ભરશો. આપને આ જ અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ – ૪૭ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૪૭



### શબ્દાવલી ભાગ - ૪૬ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ભા | 2 ગી | ર | 3 થ | | | 4 આ | દી | 5 ર | ત્ન |
| 6 ર | ત | | 7 ન | 8 મ | સ્કા | ર | | થ | |
| તી | | 9 આ | ગા | ખા | | 10 તી | ર્થ | યા | ત્રા |
| દી | | 11 પ | ટ | ના | | | | ત્રા | |
| 12 દી | 13 વ | સ | | | 14 મો | દ | ક | | 15 સ |
| | 16 રા | મા | | 17 અં | બા | | | 18 તા | જ |
| 19 ગ | હ | ન | | 20 જુ | ઈ | | 21 પુ | રા | ની |
| જા | | | 22 ક | મ | લ | 23 પુ | ષ્પ | | |
| ન | | 24 મિ | લ | ન | | લા | | 25 ડો | 26 ક |
| 27 ન | વ | | મ | | 28 અ | વ | ત | ર | ણ |

### આડી ચાવીઓ

૧. બીજી ઑક્ટોબર (૫)
૪. વર્ષનો ૧૦મો મહિનો (૪)
૭. શાંત, ધૈર્યવાન (૨)
૮. રત્ન, જવાહરાત (૩)
૧૦. મુરલીમાં આવતો એક સાબુ (૨)
૧૧. દૃષ્ટિ (૩)
૧૩. વાસ્તવિકતા, સચ્ચાઈ (૪)
૧૪. ઈશ્વર (૨)
૧૬. રિવાજ, પ્રથા (૩)
૧૮. મીઠું, નમક (૪)
૨૦. એક ભારતીય તહેવાર (૩)
૨૧. બાણ (૨)
૨૨. બાબા આપને ..... કર દિયા (૩)
૨૪. કૃષ્ણની દુનિયા (૨)
૨૫. ....., બુધ્ધિ, સંસ્કાર (૨)
૨૬. જૂનાગઢ સબઝોન ઈન્ચાર્જ .....દીદી (૪)
૨૭. એક રંગ (૨)
૨૮. રાજા દશરથના પૌત્ર (૪)
૩૧. ભાગ્ય (૨)
૩૨. ..... કી શુભકામનાયે (૫)

### ઊભી ચાવીઓ

૧. ગુજરાતનું પાટનગર (૫)
૨. ધૈર્યતા (૩)
૩. લોકર (૩)
૪. મૌખિક શબ્દનું અંગ્રેજી (૩)
૫. પાવર શબ્દને હિન્દીમાં કહેવાય (૨)
૬. રખેવાળ (૩)
૯. જીવિત, વર્તમાન (૩)
૧૨. એક ગુણ (૫)
૧૫. ભગવાનના મંદિરમાં ..... થાય (૩)
૧૭. એક કઠોળ (૨)
૧૮. મમ્માનું એક સ્વરૂપ (૩)
૧૯. સારા કર્મોનો ..... કરો (૪)
૨૨. ડ્રેગન ફ્રુટ (૪)
૨૩. મનુષ્ય, માણસ (૩)
૨૬. એકમ, ....., સો (૩)
૨૯. ઠંડા શબ્દને અંગ્રેજીમાં ..... કહેવાય (૨)
૩૦. નોલેજ, વિદ્યા (૨)

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ-૪૮ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતા અંકમાં ભાગ-૪૮ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ-૪૭ના જવાબો આપેલ છે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ-૪૮

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | ■ | | 4 | 5 | ■ | 6 |
| 7 | | | ■ | ■ | | ■ | 8 | 9 | |
| | ■ | 10 | 11 | 12 | | 13 | | | |
| | ■ | 14 | | | ■ | | ■ | ■ | |
| ■ | 15 | | | ■ | ■ | 16 | 17 | | ■ |
| 18 | | | ■ | 19 | | | | ■ | 20 |
| 21 | | ■ | 22 | | ■ | | ■ | 23 | |
| 24 | | | ■ | 25 | 26 | ■ | 27 | | |
| | ■ | ■ | ■ | 28 | | | ■ | 29 | |
| | ■ | 30 | | | | ■ | 31 | | |

### આડી ચાવીઓ

૧. ..... વર્ષનો પ્રથમ ગુજરાતી માસ (૪)
૪. 'ધા' પર લગાવવામાં આવે (૩)
૭. ..... મે મગન (૩)
૮. ..... નો ઈવીલ (૩)
૧૦. ૧૭ નવેમ્બર .....નો સ્મૃતિ દિવસ (૮)
૧૪. કોપી (૩)
૧૫. 'પપ્પા'ને અંગ્રેજીમાં ..... કહેવાય (૩)
૧૬. દૃષ્ટિ (૩)
૧૮. 'કિરણ' શબ્દને હિન્દીમાં લખો (૩)
૧૯. પંથ (૪)
૨૧. ..... દે ઇન્ડિયા (૨)
૨૨. ..... માતરમ (૨)
૨૩. સત્યનારાયણનો પ્રસાદ (૨)
૨૪. 'પરિણામ' શબ્દને હિન્દીમાં લખો (૩)
૨૫. શંભુ (૨)
૨૭. હુંફાળું (૩)
૨૮. સીડી (૩)
૨૯. 'કાળ' શબ્દને ઉંધો લખો (૨)
૩૦. 'રાત દિવસ' શબ્દને હિન્દીમાં લખો (૪)
૩૧. મા સરસ્વતીનું વાદ્ય (૩)

### ઊભી ચાવીઓ

૧. સમય, અવધિ (૪)
૨. નસ (૨)
૩. યજ્ઞમેં અપના ..... સબ સ્વાહા કરના હૈ (૬)
૪. આધાર, ટેકો (૩)
૫. ટ્રેકટરની એક કંપનીનું નામ (૩)
૬. 'આદીરત્ન' શબ્દને ઉલ્ટો લખો (૪)
૯. ..... યદા હી ધર્મસ્ય (૨)
૧૧. ..... ચાકર (૩)
૧૨. સમાધાન (૨)
૧૩. એક ગુણ (૫)
૧૫. તલાક, છુટાછેડા (૪)
૧૭. જીત, વિજય (૪)
૧૮. 'રસોડાની વસ્તુઓ'ને અંગ્રેજીમાં લખો (૫)
૧૯. ૧લી નવેમ્બર .....નો સ્મૃતિ દિવસ (૫)
૨૦. એક ગુણ (૫)
૨૩. પાણીનો મૂળ સ્વભાવ (૪)
૨૬. મુખ (૩)

## શબ્દાવલી ભાગ-૪૭ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ગાં | 2 ધી | જ | યં | 3 તિ | ■ | 4 ઓ | ક્ટો | 5 બ | 6 ર |
| 7 ધી | ર | ■ | ■ | 8 જો | 9 હ | ર | ■ | 10 લ | ક્ષ |
| 11 ન | જ | 12 ર | ■ | 13 રી | યા | લી | ટી | ■ | ક |
| ગ | ■ | 14 હ | રી | ■ | ત | ■ | ■ | 15 આ | ■ |
| 16 ર | સ | મ | ■ | 17 ચો | ■ | 18 સ | બ | ર | 19 સ |
| ■ | ■ | 20 દિ | વા | ળી | ■ | ર | ■ | 21 તી | ર |
| 22 ક | 23 મા | લ | ■ | ■ | ■ | 24 સ્વ | ર્ગ | ■ | વા |
| 25 મ | ન | ■ | 26 દ | મ | યં | તી | ■ | 27 પી | ળો |
| 28 લ | વ | 29 કુ | શ | ■ | ■ | ■ | 30 જ્ઞા | ■ | ■ |
| મ | ■ | 31 લ | ક | ■ | 32 નુ | ત | ન | વ | ર્ષ |

**Gyan Amrit** Vol.17 | Issue 11 | Novmeber 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજકોટ અવધપુરી સેવાકેન્દ્ર ખાતે ગુજરાત ઝોન ઈન્ચાર્જ ભારતીદીદીના ૮૪મા જન્મોત્સવ ‘સેવા સપ્તાહ ઉત્સવ’ કાર્યક્રમ અંતર્ગત આયોજીત ‘સિનિયર સિટિઝન સન્માન સમારોહ’માં રાજયોગિની ભારતીદીદીજીને શુભાજંલી અર્પણ કરતા બેંક મેનેજર અને ક્લબના સેક્રેટરી ભ્રાતા અરવિંદભાઈ વોરા, બ્ર.કુ. અંજુબેન તથા સભામાં ઉપસ્થિત સન્માનિત વરિષ્ઠ નાગરીકો.




બારડોલીમાં તાજપુર એન્જીનીયરીંગ કૉલેજ સાથે ‘મૂલ્ય શિક્ષા’ વિષય માટે થયેલ MOUમાં મૂલ્ય શિક્ષા કાર્યક્રમના ડાયરેક્ટર બી.કે. ડૉ. પાંડ્યામણીભાઈ, કૉલેજના આચાર્ય ડૉ. લતેશભાઈ, SVPIS ટ્રસ્ટના સેક્રેટરી ભ્રાતા મોહનભાઈ પટેલ, ઉપપ્રમુખ ભ્રાતા નટવરભાઈ પટેલ, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. વિજ્યાબેન, બ્ર.કુ. મિર્જાબેન.



મહેસાણા ખાતે દિવ્ય ભાસ્કરની ૧૯મી વર્ષગાંઠે નિમિત્તે આયોજીત સ્નેહમિલનમાં મોટીવેશનલ સ્પીકર ભ્રાતા રજનીકાંત પટેલ, લેખક ભ્રાતા નિલેશભાઈ પટેલ, મોટીવેશનલ સ્પીકર ભ્રાતા મહર્ષિ હિંગુ, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. કૈલાસબેન.




કેશોદ ખાતે ‘શિવશક્તિ એપ્રોચ’ કાર્યક્રમમાં ફોરેસ્ટ ઓફિસર ભગિની ગુલાબબેન રતનપરા, સરકારી હોસ્પીટલના મેડીકલ ઓફિસર ભગિની શિલ્પાબેન જાવીયા, વક્તા બ્ર.કુ. ડૉ. સુનીતાબેન, બ્ર.કુ. રૂપાબેન.



જલાલપોર ખાતે ‘અલવિદા તનાવ’ કાર્યક્રમમાં બ્ર.કુ. પુનમબેન, નગરપાલિકા પ્રમુખ મીનલબેન દેસાઈ, જે.એન.ઈન્ડીયા ઈન્વેસ્ટમેન્ટના સ્થાપક ભ્રાતા જીજ્ઞેશભાઈ, સૌરાષ્ટ્ર પટેલ સમાજના પ્રમુખ મધુભાઈ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય પિયુશભાઈ, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ભાનુબેન.